ગુજરાતનું વિશ્વસનિય દૈનિક

# પાક્કો ગુજરાત

RNI NO. : GUJGUJ/2016/67425





02 DECEMBER, 2025 TUESDAY



પેજ 2  કુબેરભાઈ ડીંડોર નાવડીમાં બેસીને મુલાકાતે પહોંચ્યા

પેજ 3  55

પેજ 7  લાવા કંપનીના ગેટ સામે હાઈવે ઉપર મોટરસાયકલ ચાલકને ટ્રેક્ટર ચાલકે અડફેટમાં લેતા યુવકનું મોત

પેજ 5 કોંગ્રેસ પર 'સરદાર સાહેબની ગાથા દબાવવાનું' ષડયંત્ર રચવાનો આક્ષેપ



I Pakkogujarat/ I VOL : 10 I Issue : 257 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN •MO : 9662420070 •E-Mail : pakkogujarat7@gmail.com


### મેન્યુફેક્ચરિંગ, માઈનિંગ અને વીજ ઉત્પાદનમાં ઘટાડો થવાથી ઈન્ડસ્ટ્રીયલ ઈન્ડેક્સમાં ઘટાડો નોંધાયો

# ઓક્ટોબર માસનું ઔદ્યોગિક ઉત્પાદન 14 મહિનાના તળિયે

### એપ્રિલથી જુન ક્વાર્ટરમાં આઇઆઇપી સતત ઘટયો હતો અને જુલાઈથી ઉચકાયો હતો : એપ્રિલથી જુન ક્વાર્ટરમાં આઇઆઇપી સતત ઘટયો હતો અને જુલાઈથી ઉચકાયો હતો



• નવી દિલ્હી

એકબાજુએ જીડીપીનો ૮.૨ ટકા જેટલો ઊંચો વૃદ્ધિદર આવ્યો છે તો બીજી બાજુએ ઓક્ટોબરના આઈઆઈપીના આંકડા ૧૪ મહિનાના તળિયાના આવ્યા છે, આ એક જબરદસ્ત વિરોધાભાસ છે. તેથી ઓક્ટો.માં આઈઆઈપી માંડ ૦.૪ ટકા આવ્યો હતો, જે વર્ષ અગાઉના સમાન સમયગાળામાં ૩.૭ ટકા હતો. મેન્યુફેક્ચરિંગ, માઈનિંગ અને વીજ ઉત્પાદનમાં ઘટાડાથી આ સ્થિતિ જોવા મળી છે.

ચાલુ વર્ષે સપ્ટેમ્બરમાં જ આઈઆઈપીના આંકડા જોઈએ તો તે ચાર ટકાની વૃદ્ધિ દર્શાવતા હતા, એમ મિનિસ્ટ્રી ઓફ સ્ટેટિસ્ટિક્સ એન્ડ પ્રોગ્રામ ઈમ્પ્લીમેન્ટેશન (એમઓએસપીઆઈ)ના આંકડામાં જણાવાયું હતું. આ આંકડા બતાવે છે કે એકબાજુએ હળવી સ્થાનિક માંગની સાથે વૈશ્વિક અનિશ્ચિતતા અને ઉદ્યોગલક્ષી પડકારોના કારણે ઔદ્યોગિક પ્રવૃત્તિમાં અનિશ્ચિતતા જોવા મળી હતી.

વર્તમાન નાણાકીય વર્ષમાં ઔદ્યોગિક ઉત્પાદનના આંકડા અકદમ અસ્થિર આવ્યા છે. એપ્રિલથી જુનના પ્રથમ ક્વાર્ટરમાં આઈઆઈપીના આંકડા ખાસ ઉત્સાહવર્ધક ન હતા, તેના પછી જુલાઈથી આઈઆઈપીના આંકડામાં વૃદ્ધિ નોંધાવવા માંડી હતી, જે છેક સપ્ટેમ્બર સુધી ચાલી હતી. આમ સળંગ ત્રણ મહિના અસરકારક વૃદ્ધિ નોંધાઈ હતી.

ઔદ્યોગિક ઉત્પાદનમાં ૪૦ ટકા હિસ્સો ધરાવતા ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટરે ઓક્ટોબરમાં શૂન્ય વૃદ્ધિદર નોંધાવ્યો હતો, ઉત્પાદન ક્ષેત્ર એકદમ ફ્લેટ રહ્યુ હતુ, એમ વાણિજ્ય મંત્રાલયના આ મહિને અગાઉ જારી થયેલા આંકડામાં જણાવવામાં આવ્યું હતું. મદ્રાસ સ્કૂલ ઓફ ઈકોનોમિક્સના ડિરેક્ટર એન આર ભાનુમૂર્તિએ જણાવ્યું હતું કે આ માટે અમુક અંશે ઓછા કામકાજના દિવસો અને ઓછા કામદારો પણ મહત્ત્વનું પરિબળ છે. આઈઆઈપીના આંકડા ફક્ત ઉત્પાદનને જ આવરે છે. તહેવારોના લીધે કામકાજના દિવસો ઓછા હોવાથી વૃદ્ધિ પર અસર પડી છે.

મેન્યુફેક્ચરિંગ એટલે કે ઉત્પાદન ક્ષેત્ર આઈઆઈપીના આંકડામાં ૭૮ ટકા હિસ્સો ધરાવે છે, તેણે ઓક્ટોબરમાં વાર્ષિક ધોરણે ૧.૮ ટકાની વૃદ્ધિ દર્શાવી હતી. આમ તેણે સપ્ટેમ્બરની તુલનાએ ૫.૬ ટકાની વૃદ્ધિ દર્શાવી છે અને વર્ષ અગાઉના સમાન સમયગાળામાં તેણે ૪.૪ ટકાની વૃદ્ધિ દર્શાવી હતી. માઈનિંગનું ઉત્પાદન ઓક્ટોબરમાં વાર્ષિક ધોરણે ૧.૮ ટકા વૃદ્ધિ સંકોચાયું હતું. જ્યારે સપ્ટેમ્બરમાં તે ૦.૪ ટકા સંકોચાયું હતું. તેના પહેલા ઓક્ટોબર ૨૦૨૪માં તેણે ૦.૯ ટકાની વૃદ્ધિ દર્શાવી હતી. ઓક્ટોબરમાં વીજ ઉત્પાદન ૬.૯ ટકા સંકોચાયું હતું. તેની સામે સપ્ટેમ્બરમાં તેણે ૩.૧ ટકાની વૃદ્ધિ દર્શાવી હતી. તેની સામે ગયા વર્ષના સમાન સમયગાળા દરમિયાન બે ટકાની વૃદ્ધિ દર્શાવી હતી.

હવે વપરાશ આધારિત કેટેગરીઓમાં જોઈએ તો કેપિટલ ગૂડ્સ, ઈન્ટરમીડિએટ્સ ગૂડ્સ, ઈન્ફ્રાસ્ટ્રકચર-કન્સ્ટ્રકશન ગૂડ્સ, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સે ક્રમશઃ ધોરણે વૃદ્ધિ નોંધાવી હતી. જ્યારે પ્રાઈમરી ગૂડ્સની વૃદ્ધિ ધીમી પડી હતી અને કન્ઝ્યુમર નોન-ડ્યુરેબલ્સ પણ આ મહિના દરમિયાન સંકોચાયા હતા અને વૃદ્ધિ પણ પામ્યા હતા.

કેપિટલ ગૂડ્સનું ઉત્પાદન ઓક્ટોબરમાં ૨.૪ ટકા વધ્યું હતું, જે અગાઉના મહિનામાં ૪.૪ ટકા વૃદ્ધિ પામ્યાં હતું. જ્યારે ઈન્ટરમીડિએટ ગૂડ્સનું ઉત્પાદન ઓક્ટોબરમાં વાર્ષિક ધોરણે ૦.૯ ટકા વધ્યું હતું, જે અગાઉના મહિનામાં ૬.૩ ટકાના દરે વૃદ્ધિ પામ્યું હતું.

### ચાગાઈમાં ફ્રન્ટીયર કોર્પ્સના મુખ્ય દરવાજા પર સુસાઈડ એટેક

## પાકિસ્તાનના કવેટામાં આત્મઘાતી આતંકી હુમલો : 6 જેટલા સૈનિકોના મોત નિપજયા

• કરાંચી

પાકિસ્તાનના બલુચિસ્તાન પ્રાંતમાં છેલ્લા 24 કલાકમાં 7 બોમ્બ વિસ્ફોટ થયા હતા. જેમાં કવેટાના ઉગ્રવાદીઓએ મોટો આત્મઘાતી હુમલો કરતા 6 સૈનિકોના મોત નિપજયા છે. ઉગ્રવાદીઓએ રેલવે ટ્રેક પર આઈઈડી લગાવ્યા હતા અને જયારે ટ્રેન કવેટા સ્ટેશને પહોંચનારી હતી તો વિસ્ફોટ થઈ ગયો હતો.

આજે સવારે પાકિસ્તાનના બલુચિસ્તાન પ્રાંતના નોકુંડી વિસ્તારમાં સ્થિત ચાગાઈમાં ફ્રન્ટિયર કોર્પ્સ (FC) મુખ્યાલયના મુખ્ય દરવાજા પર આત્મઘાતી હુમલો થયો. સત્તાવાર સૂત્રોએ છ કર્મચારીઓના મોતની પુષ્ટિ કરી છે. આ હુમલો બલુચિસ્તાન લિબરેશન ફ્રન્ટ (BLF) ના સદાઓ ઓપરેશનલ બટાલિયન



(SOB) દ્વારા કરવામાં આવ્યો હોવાનું કહેવાય છે.0

વિસ્ફોટ એટલો શક્તિશાળી હતો કે તેણે મુખ્ય દરવાજો સંપૂર્ણપણે નાશ પામ્યો અને નજીકની દિવાલોને નોંધપાત્ર નુકસાન પહોંચાડ્યું. પાકિસ્તાની અધિકારીઓએ પુષ્ટિ આપી છે કે મુખ્ય પ્રવેશદ્વાર પર SV-BIED (વાહન-માઉન્ટેડ આત્મઘાતી વિસ્ફોટક ઉપકરણ) હુમલો કર્યા પછી તરત જ સશસ્ત્ર હુમલાખોરો નોકુંડીમાં FC મુખ્યાલયમાં પ્રવેશ્યા હતા.

મુખ્યાલય સંકુલની અંદર હજુ પણ ગોળીબાર અને અથડામણો ચાલુ છે, અને પરિસ્થિતિ અત્યંત તંગ હોવાનું વર્ણવવામાં આવી રહ્યું છે. હુમલાને પગલે તમામ સંબંધિત હોસ્પિટલોમાં કટોકટી જાહેર કરવામાં આવી છે.

સ્થાનિક અહેવાલો અનુસાર ઘટનાસ્થળે સહાય પૂરી પાડવા માટે ક્વેટાથી બે હેલિકોપ્ટર મોકલવામાં આવ્યા છે. જો કે, હજુ સુધી કોઈ જૂથે હુમલાની જવાબદારી સ્વીકારી નથી, અને અધિકારીઓ હજુ પણ જાનહાનિ વિશે સત્તાવાર વિગતો જાહેર કરી રહ્યા છે.

## મધ્યપ્રદેશના બરેલી પાસે 50 વર્ષ જુનો પુલ ધરાશાયી : 10 દટાયા

• ભોપાલ

મધ્યપ્રદેશમાં રાયસેલ જિલ્લાના બરેલી તાલુકામાં સરકારી બેદરકારી અને ભ્રષ્ટાચારનો વધુ એક પુરાવો સોમવારે સવારે જોવા મળ્યો છે. બરેલી-પિપરિયા સ્ટેટ હાઈવે પર આવેલો નયાગાંવ પુલ ધરાશાયી થઈ ગયો. આ પુલના કાટમાળ નીચે 10 લોકો દટાયાની માહિતી સામે આવી રહી છે. જેમાં પુલ પરથી પસાર થતા બાઈકસવાર અને પુલની નીચે 'સમારકામ' કરી રહેલા શ્રમિકોનો સમાવેશ થાય છે.

આ દુર્ઘટના કોઈ કુદરતી આફત નથી, પરંતુ સરકારી એજન્સી મધ્યપ્રદેશ રોડ ડેવલપમેન્ટ કોર્પોરેશનની ઘોર બેદરકારીનું જીવંત ઉદાહરણ છે. આ 50 વર્ષ જૂનો પુલ ઘણા વર્ષોથી જર્જરિત હાલતમાં હતો. પરંતુ જવાબદાર અધિકારીઓએ તેને નવો બનાવવાની તસ્દી લેવાને બદલે, તેના પર માત્ર એક નવો રોડ પાથરીને 'સબ સલામત'નો દેખાડો કર્યો હતો. એટલું જ નહીં, શાસનની બેદરકારી તો જુઓ કે, આ ચાલુ અને જોખમી પુલની નીચે સેન્ટિંગ લગાવીને સમારકામ ચાલી રહ્યું હતું, જ્યારે ઉપરથી વાહનવ્યવહાર બેરોકટોક ચાલુ હતો. જાણે કે પ્રશાસન કોઈ મોટી દુર્ઘટના ઘટવાની જ રાહ જોઈ રહ્યું હોય! આખરે, ગઈકાલે સોમવારે સવારે પુલનો એક ભાગ તૂટી પડ્યો અને ઉપર બાઈક પર સવાર 4 લોકો નીચે ખાબક્યા, જ્યારે નીચે કામ કરી રહેલા 8 મજૂરો કાટમાળ નીચે દટાયા.

### કડાકૂટ પણ વધી જવાની કંપનીઓને ભીતિ

## વોટ્સએપ, ટેલિગ્રામ, સ્નેપચેટ જેવી એપમાંથી મોબાઈલધારક છ-છ કલાકે લોગઆઉટ થઈ જશે

• નવી દિલ્હી

વોટ્સએપ જેવા સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ પર ભારતમાં 500 મિલિયનથી વધુ યુઝર્સ છે. આ એપ્લિકેશનનો ઉપયોગ જેટલો વધુ એટલા જ એના પર સ્કેમ પર વધુ થાય છે. આથી આ ગેરફાયદાને અટકાવવા માટે કેન્દ્ર સરકાર દ્વારા કેટલાક નિયમ બનાવવામાં આવ્યાં છે. આ નવા નિયમ હેઠળ વોટ્સએપ દ્વારા નિયમનું પાલન કરવું ફરજિયાત બની ગયું છે. આ નિયમ હેઠળ વોટ્સએપ વેબ પરથી દર છ કલાકમાં યુઝર ઓટોમેટિક લોગઆઉટ થઈ જશે અને ફરીથી લોગઈન કરવું પડશે.

ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશન દ્વારા નવો નિયમ જાહેર કરવામાં આવ્યો છે જેમાં કોઈ પણ ડિવાઈસ રજિસ્ટર્ડ સિમ કાર્ડ વગર એપ્લિકેશનને એક્સેસ નહીં કરી શકે. વોટ્સએપ, સિગ્નલ અને ટેલિગ્રામ જેવી એપ્લિકેશન વોટ્સએપ વેબનો વિકલ્પ પણ આપે છે. આથી આ નિયમની અસર એ સર્વિસ પર પણ પડી છે. આ નિયમને કારણે વોટ્સએપ વેબ જેવી સર્વિસ હવે દર છ કલાકે યુઝરને ઓટોમેટિક લોગ આઉટ કરી દેશે. પહેલાં આ સર્વિસ જ્યાં સુધી યુઝર પોતે લોગઆઉટ ન કરે ત્યાં સુધી ઉપયોગ કરી શકતા હતા.

આ પગલું વધતી ડિજિટલ ફ્રોડને અટકાવવા માટે લેવામાં આવ્યું છે. જોકે ટેક્નોલોજી ઈન્ડસ્ટ્રીના લોકોનું માનવું છે કે એના કારણે યુઝર્સની પ્રાઈવસી પર જોખમ આવી શકે છે. આ સાથે જ ઈન્ટરનેશનલ ટ્રાવેલર્સને ઘણી સમસ્યાનો સામનો કરવો પડી શકે છે કારણ કે ઈન્ટરનેશનલ રોમિંગ નહીં હોય તો એ સર્વિસ બંધ થઈ જશે. તેમ જ એક કરતાં વધુ ડિવાઈસ પર વોટ્સએપનો ઉપયોગ કરનારા યુઝર્સને પણ હવે તકલીફ પડશે.

ટેલિકોમ કંપની દ્વારા આ નિયમનો વધાવવામાં આવ્યો છે, પરંતુ ટેક કંપનીઓ એનો વિરોધ કરી રહ્યાં છે. કેટલાક એક્સપર્ટનું કહેવું છે કે આ રીતે સિમ કાર્ડને કોમ્યુનિકેશન સાથે લિંક કરવાનું એ દરેક દેશમાં નથી થતું.

કેન્દ્ર સરકાર દ્વારા ટેલિકોમ્યુનિકેશન આઈડેન્ટિફાયર યુઝર એન્ટિટી નિયમ બનાવ્યો છે. આ નિયમને આધારે એ એક એન્ટિટી બની જશે. આ નિયમ અનુસાર યુઝરને ઓળખવા માટે એના મોબાઈલ નંબરનો ઉપયોગ કરવામાં આવશે. આ નિયમને લઈને વોટ્સએપ, ટેલિગ્રામ, સિગ્નલ, અરાટ્ટાઈ, સ્નેપચેટ, શેરચેટ, જિયોચેટ અને જોશ જેવી વિવિધ એપ્લિકેશનને નોટિસ પણ મોકલી આપવામાં આવી છે.

## 'અમે ચૂપ ના બેસી શકીએ...', દિલ્હીના પ્રદૂષણ પર સુપ્રીમ કોર્ટે સરકારની ઝાટકણી કાઢી

### 'અમે કોવિડ વખતે દિલ્હીનું આકાશ સંપૂર્ણ સ્વચ્છ જોયું હતું'

• નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે દિલ્હીમાં વધતા જતા પ્રદૂષણની આજે (1 ડિસેમ્બર) સુનાવણી કરતી વખતે સરકારની આકરી ઝાટકણી કાઢી પ્રદૂષણ ઘટાડવાનો પ્લાન માંગ્યો છે. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ સૂર્યકાંતે કોવિડ-19 વખતે દિલ્હીના આકાશમાં સ્થિતિ અંગેની પણ ટિપ્પણી કરી છે.

સુપ્રીમ કોર્ટની બેંચે સ્પષ્ટ કહ્યું છે કે, 'અમે ચૂપ ના બેસી શકીએ. દિલ્હીમાં પ્રદૂષણ ઘટાડી શકા છે. અમે કોવિડ-19 વખતે આકાશ સંપૂર્ણ સ્વચ્છ જોયું હતું. તે વખતે દિલ્હીના લોકો પ્રદૂષણની અડચણ વગર આકાશમાં તારા જોઈ શકતા હતા. પરાલી સળગાવવાથી પણ પ્રદૂષણ વધ્યું છે, પરંતુ આ મુદ્દાને રાજકીય અને અહંકારની લડાઈ ન બનાવવી જોઈએ. માત્ર પરાલી સળગાવવાથી દિલ્હીમાં પ્રદૂષણ વધ્યું નથી. અન્ય કારણે વધેલું પ્રદૂષણ ઘટાડવા માટે તમે શું પગલા લીધા, તેની માહિતી આપો.'સુપ્રીમ કોર્ટે કમિશન ફોર એર ક્વોલિટી મેનેજમેન્ટ (CAQM) અને સરકારને પૂછ્યું છે કે, 'તમે પ્રદૂષણ ઘટાડવા માટે શું યોજના બનાવી છે? CAQM અને સત્તાવાળાઓએ કમર કસવી જોઈએ અને દિલ્હી-એનસીઆરમાં પ્રદૂષણ ઘટાડવા માટેના પગલા પર વિચાર કરવો જોઈએ. પ્રદૂષણ ઘટાડવા માટે જે રીતે યોજનાઓ ચલાવાઈ રહી છે, તેનાથી અમે ચિંતિત છીએ.'

સુનાવણી દરમિયાન CAQM કોર્ટને કહ્યું છે કે, અમે હિતધારકોની સલાહ લીધી છે. તો એએસજીએ કોર્ટને કહ્યું કે, અમે તમામ સત્તાવાળાઓ હરિયાણા, પંજાબ, સીપીસીબી વગેરે પર કરેલી કાર્યવાહીનો રિપોર્ટ દાખલ કરી શકીએ છીએ. આ દલીલ બાદ ન્યાયાધીશ સૂર્યકાંતે કહ્યું કે, અમે બેકાર ના બેસી શકીએ, અમે માની પણ ન શકીએ અને અંદાજો પણ ન લગાવી શકીએ. નિષ્ણાતો પાસેથી સમાધાન શોધવું જોઈએ.

## મારી દિકરીને કોઈ વેરીફિકેશન વિનાજ બાંગ્લાદેશ બળજબરીથી મોકલી દેવાઈ

• નવી દિલ્હી

ભારતીય નાગરિકતા ધરાવતી એક ગર્ભવતી મહિલાને કથિત રીતે યોગ્ય વેરિફિકેશન વિના જ ભારતમાંથી બાંગ્લાદેશમાં બળજબરીથી મોકલી દેવાના કેસની આજે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. આ મહિલા હાલમાં ગર્ભવતી છે અને બાંગ્લાદેશની સરહદથી લગભગ 40 કિમી દૂર એક જેલમાં બંધ છે. મહિલાના પિતાએ આ મામલે કોર્ટમાં યાચિકા દાખલ કરી છે.

વરિષ્ઠ ઍડ્વોકેટ સંજય હેગડેએ કોર્ટને જણાવ્યું કે મહિલાનું નામ સોનાલી છે, અને તે ગર્ભવતી હોવા સાથે આખો પરિવાર બાંગ્લાદેશમાં અટકાયતમાં છે. તેમણે કોર્ટને સોનાલી અને તેના પરિવારને માલદા પાછા લાવવાની તાત્કાલિક મંજૂરી આપવા વિનંતી કરી. પિતાએ કોર્ટમાં ભાવુક અપીલ કરતાં કહ્યું કે, 'હું ભારતીય નાગરિક છું, મારી દીકરી ભારતીય છે, પરંતુ તેને બળજબરીથી દેશની બહાર કરી દેવામાં આવી છે.'

ચીફ જસ્ટિસ સૂર્યકાંતે આ યાચિકા પર તાત્કાલિક દખલગીરી કરતાં સ્પષ્ટ નિર્દેશ આપ્યો હતો કે 'માનવીય આધાર પર, તેને પાછી આવવા દેવામાં આવે. જો જરૂર હોય તો, તેને દેખરેખ હેઠળ રાખો, હોસ્પિટલમાં રાખો, પરંતુ તેને ભારત પાછી લાવો.' કોર્ટે આ મામલે સોલિસિટર જનરલને પણ હાજર રહેવા જણાવ્યું છે અને તે હાજર થશે ત્યારે આ કેસની ફરીથી સુનાવણી કરવામાં આવશે.

### યુ.પી.માં નવો ટ્રેન્ડ

## મુસ્લિમ શાદીમાં સાળીઓ દુલ્હા પાસે એગ્રીમેન્ટમાં કરાવી રહી છે સાઈન

• લખનઉ

ઉતરપ્રદેશમાં મુસ્લિમ સમાજનાં શાદી સમારોહમાં એક નવા જ પ્રકારનો ટ્રેડ જોવા મળી રહ્યો છે. જેમાં સાળીઓ અને દુલ્હન સહેલીઓ દુલ્હા પાસે લેખિત એગ્રીમેન્ટમાં સાઈન કરાવી રહી છે. આ લેખિત કરારમાં વિદેશ પ્રવાસ કરાવવો, ઘર, રસોઈ કામમાં મદદ કરવી જેવી શરતોનો સમાવેશ થાય છે.

બદલાતા સમયનું પ્રતિબિંબ મુસ્લીમ સમાજના લગ્નોમાં પડી રહ્યું છે. એક સમય હતો જયારે દુલ્હનની બહેનો અને તેની સખીઓ મિત્રો નિકાહ પછી લગ્નમંડપ સ્ટેજ અથવા અલગ રૂમમાં દુલ્હા (વરરાજા)ને સલામ કરવાની વિધિ દરમિયાન જ દેખાતા અને દુલ્હા સાથે મજાક અને મસ્તીની મીમીક્રી કરતા તેના જૂતા ચોરવા સુધીની મજાક મર્યાદીત હતી. પરંતુ હવે શાદીમાં લગ્ન પછી દુલ્હાએ દુલ્હનને વિદેશ પ્રવાસે લઈ જશે, ઘરના કામકાજમાં મદદ કરશે તેવા લેખીત એગ્રીમેન્ટમાં સાઈન થઈ રહી છે. બદલાતા સમય સાથે શાદીની રસમ પણ બદલાઈ રહી છે.



આ બાબતે મૌલાનાએ કહ્યું કે તે મજાકનો એક ભાગ છે. નિકાહ એક પવિત્ર બંધન છે અને તે હળવા મનોરંજન સુધી મર્યાદીત હોવું જોઈએ અને શરિયાની મર્યાદામાં રહેવુ જોઈએ. સાળી-સહેલીઓ લેખિત કરાર કરાવે છે તે મજાક છે. પરંતુ તેમાં કોઈ ગેરવ્યાજબી શરતો ન હોવી જોઈએ તેનો ખરો હેતુ મનોરંજન અને ક્ષણોને યાદગાર બનાવવાનો હોવો જોઈએ.


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખોઃ 9662420070

મહિસાગર જિલ્લાના કડાણા તાલુકામાં આવેલું રાઠડા બેટ ગામે

# પૂર્વ શિક્ષણ મંત્રી કુબેરભાઈ ડીંડોર નાવડીમાં બેસીને મુલાકાતે પહોંચ્યા




• વીરભદ્ર સિંહ સિસોદીયા
મહીસાગર

મહિસાગર જિલ્લાના કડાણા તાલુકામાં આવેલું રાઠડા બેટ ગામે પૂર્વ શિક્ષણ મંત્રી કુબેરભાઈ ડીંડોર નાવડીમાં બેસીને મુલાકાતે પહોંચ્યા કડાણા ડેમના બેક વોટરમાં આવેલા રાઠડા બેટ ગામે પૂર્વ શિક્ષણ મંત્રી કુબેરભાઈ ડિંડોર નાવડીમાં બેસી ખાસ મુલાકાતે પહોંચ્યા. 758 મતદારો ધરાવતા ગામમાં SIR કામગીરી સાથે નૂતન વર્ષ સ્નેહ મિલન કાર્યક્રમ યોજાયો રાઠડા બેટ ગામમાં 758 જેટલા મતદારો રહે છે. ગામમાં SIR કામગીરીને આગળ ધપાવવા સાથે નૂતન વર્ષ સ્નેહ મિલન કાર્યક્રમ યોજાયો, જેમાં મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાયા. હતા SIR કામગીરી અંગે માર્ગદર્શન આપી BLO ની કામગીરી ઝડપી થાય તે માટે પ્રોત્સાહન આપ્યું કાર્યક્રમ દરમિયાન કુબેરભાઈ ડિંડોરે ગ્રામજનો ને SIR ની કામગીરીનું મહત્વ સમજાવ્યું કાર્યક્રમમાં મોટી જાહેરાત કરતા કુબેરભાઈ ડિંડોરે જણાવ્યું કે રાઠડા બેટ ગામ માટે 25 કરોડના ખર્ચે ડેમના બેક વોટર વિસ્તાર ઉપર પુલનું નિર્માણ થશે. આ જાહેરાત સાંભળતા ગામજનોમાં ભારે આનંદ અને ઉત્સાહનો માહોલ સર્જાયો.હતો પુલ નિર્માણ થી ગ્રામજનો ને અવરજવર માં રાહત મળસે તેમજ ગામ માં વિકાસ ના કર્યો સક્ચ બનશે.

**સખ્ત કાર્યવાહી**

દારૂના ગોરખધંધા ચલાવનારાઓમાં ભયનું વાતાવરણ છવાઈ ગયું

# બે ઈસમોને પકડી રૂ. 16 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો

## નસવાડી પોલીસે દારૂની હેરાફેરીનો ગણનાપાત્ર કેસ બહાર પાડ્યો

• અંજુમ ખત્રી, છોટાઉદેપુર

છોટાઉદેપુર જિલ્લામાં ગેરકાયદેસર રીતે થતી દારૂની હેરાફેરી અને સેવનની પ્રવૃત્તિ પર અંકુશ લાવવા માટે વડોદરા વિભાગના ઈન્ચાર્જ પોલીસ મહાનિરીક્ષક શ્રી આર.વી. અસારી અને પોલીસ અધિક્ષક શ્રી આઈ.જી. શૈખના માર્ગદર્શન હેઠળ જિલ્લા પોલીસ મથક દ્વારા વિશેષ દેખરેખ અને મોનીટરીંગ રાખવામાં આવી રહ્યું છે. આ માર્ગદર્શન અંતર્ગત નસવાડી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી આઈ.એમ. ઝાલાને તારીખ 29 નવેમ્બર, 2025ના રોજ ચોક્કસ બાતમી મળી હતી કે રતનપુરા (ઉત્તર) વિસ્તારમાં નર્મદા મેઈન કેનાલ રોડ પર ઈંગ્લીશદારૂની ગેરકાયદેસર હેરાફેરી થઈ રહી છે. બાતમી આધારે નસવાડી પોલીસની ટીમે સ્થળ પર દોડ કરીને બે ફોરવ્હીલ ગાડીઓ રોકી ચકાસણી કરતાં બંને ગાડીઓમાંથી મોટી માત્રામાં ભારતીય બનાવટની ઈંગ્લીશદારૂની નાની મોટી બોટલો મળી આવી હતી. પોલીસે બંને ગાડીઓ સહિત કુલ રૂા. 16,34,864/-નો મુદ્દામાલ કબ્જે કરી બે ઈસમોને ઝડપી પાડ્યા હતા. પકડાયેલા આરોપીઓમાં સાહીલભાઈ સાજીદભાઈ શેખ, ઉંમર 25 વર્ષ, રહે.



ઈન્દ્રનગર, મસ્જિદ પાસે, ઘાઘરેટીયા, વડોદરા શહેર અને સમીરભાઈ સુરેશભાઈ વારા, ઉંમર 37 વર્ષ, રહે. 16 અરવિંદ બુચ સોસાયટી, રાણીપ, અમદાવાદનો સમાવેશ થાય છે. પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે દારૂની આ હેરાફેરીમાં અન્ય બે ઈસમો વિકુ અને ધ્રુવ પટેલ પણ સંડોવાયેલા છે, જેઓ હાલ વોન્ટેડ છે અને તેમની શોધ માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે. પકડાયેલી ગાડીઓમાંથી માઉન્ટસ 6000 સુપર સ્ટ્રોંગ બીયર 500 મિલી ના કુલ 912 ટીન કિંમત રૂ. 1,84,224/-, ગોઆ સ્પિરિટ ઓફ સ્મૂધનેસ વ્હિસ્કી 180 મિલી ના 1000 ક્વાર્ટર કિંમત રૂ. 2,06,000/-, લંડન પ્રાઈડ પ્રીમિયમ વ્હિસ્કી 180 મિલી ના 192 ક્વાર્ટર કિંમત રૂ. 32,640/-, ઉપરાંત હેરાફેરી માટે વપરાયેલી હ્યુન્ડાઈ ક્રેટા કાર (GJ-01-WX-3952) કિંમત રૂ. 8,00,000/-, મારૂતી ટુર્સ કાર (GJ-01-KT-4666) કિંમત રૂ. 4,00,000/- અને આરોપીઓ પાસેથી મળેલ ત્રણ મોબાઈલ ફોન કિંમત રૂ. 12,000/- સહિત કુલ રૂ. 16,34,864/-નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આ કાર્યવાહી નસવાડી પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી આઈ.એમ. ઝાલાની આગેવાનીમાં અ.હે.કો. શૈલેષભાઈ નરેશભાઈ, અ.હે.કો. શાહરૂખખાન અયુબખાન, અ.હે.કો. અનિલભાઈ લીલાભાઈ અને ડ્રાઈવર જશવંતસિંહ લક્ષ્મણસિંહે મળી કરી હતી. નસવાડી પોલીસે પ્રોહિબીશનનો ગણનાપાત્ર કેસ નોંધ્યો છે અને અન્ય આરોપીઓની ધરપકડ માટે તજવીજ હાથ ધરી છે. પોલીસના જણાવ્યા અનુસાર આ કાર્યવાહી વડોદરા વિભાગમાં દારૂના ગેરધંધા સામે કરાયેલ અસરકારક પગલાંનો ભાગ છે અને આગામી દિવસોમાં આવી હેરાફેરી કરતા વ્યક્તિઓ સામે વધુ સખ્ત કાર્યવાહી કરવામાં આવશે. નસવાડી પોલીસની આ કાર્યવાહીથી વિસ્તારના દારૂના ગોરખધંધા ચલાવનારાઓમાં ભયનું વાતાવરણ છવાઈ ગયું છે.

સરદાર સરોવરના નિર્માણથી ગુજરાતમાં 'દુષ્કાળ ભૂતકાળ' બન્યો

# ગુજરાતની જીવાદોરી સમાન 'નર્મદા યોજના' એ સરદાર સાહેબની દૂરંદેશીનું જીવંત ઉદાહરણ

## નર્મદા યોજનાનો મધ્યપ્રદેશ ઉપરાંત ગુજરાત, મહારાષ્ટ્ર અને રાજસ્થાનને લાભ આપવા 'રાષ્ટ્રીય પ્રોજેક્ટ' તરીકે વિકસાવાયો

• કેવડિયા કોલોની

સરદાર વલ્લભભાઈ પટેલ - ભારતના લોખંડી પુરુષ - એક એવા નેતા હતા જેમણે દેશની એકતા અને અખંડિતતા માટે જીવન સમર્પિત કર્યું. પરંતુ એટલું જ નહીં, તેમણે ગુજરાત અને ભારતના ભવિષ્યના વિકાસ માટે પણ ઘણી દૂરંદેશી યોજનાઓનું સ્વપ્ન જોયું હતું. તેમાંથી સૌથી મહત્વની અને આજે વિશ્વની સૌથી મોટી જળસંગ્રહ યોજના તરીકે ઓળખાતી 'સરદાર સરોવર-નર્મદા યોજના'નો વિચાર સરદાર પટેલના મનમાં જ ઉદભવ્યો હતો. આ યોજના માત્ર એક બંધ કે સિંચાઈ પ્રોજેક્ટ નથી, પરંતુ ગુજરાતની ખુશહાલી-જીવાદોરી, પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ અને ખેતી-ઉદ્યોગના વિકાસનું એક મહાસ્વપ્ન હતું જેને સરદારે વર્ષ ૧૯૪૦ના દાયકામાં જોયું હતું. જે આજે સાચા અર્થમાં સાર્થક બન્યું છે. સરદાર સાહેબના આ મહાસ્વપ્ન સમાન સરદાર સરોવર- નર્મદા યોજનાને વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના વરદ હસ્તે તા. ૧૭ સપ્ટેમ્બર ૨૦૧૭ના રોજ રાષ્ટ્રને અર્પણ કરવામાં આવી હતી. અખંડ ભારતના શિલ્પી અને લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલના આવા અનેક સત્કાર્યોથી દેશવાસીઓ વાકેફ થાય એ આશયથી વડાપ્રધાનશ્રીના માર્ગદર્શન હેઠળ સરદાર સાહેબની ૧૫૦મી જયંતીની ઉજવણી કરવામાં આવી રહી છે. તેમના 'રાષ્ટ્રીય એકતા'ના આ સંદેશને જન-જનના હ્રદયમાં પુનઃસ્થાપિત કરવા માટે રાજ્યમાં ગત તા. ૨૬ નવેમ્બર એટલે કે બંધારણ દિવસથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે કરમસદથી એકતાનગર સુધી યોજાનાર રાષ્ટ્રીય પદયાત્રા (સરદાર @ ૧૫૦ : યુનિટી માર્ચ)નો શુભારંભ કરવામાં આવ્યો છે. તો આવો જાણીએ ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનાની ગાથા.....

નર્મદાના પાણીની સમસ્યા અને સરદારની ચિંતાવર્ષ ૧૯૪૬માં જ્યારે ગુજરાતના દક્ષિણ અને મધ્ય ભાગમાં પાણીની અછત અને દુષ્કાળની સ્થિતિ ખૂબ જ ગંભીર હતી. સૌરાષ્ટ્ર અને કચ્છ તો વર્ષોથી પાણી વિનાના વિસ્તાર તરીકે ઓળખાતા હતા. મા નર્મદા નદી મધ્યપ્રદેશમાંથી નીકળીને ગુજરાતમાંથી પસાર થઈને અરબી સમુદ્રમાં મળે છે પરંતુ તેનું અમૃત સમાન મોટા ભાગનું પાણી વેડફાઈને સમુદ્રમાં વહી જતું હતું. સરદારને આ વાત ખૂબ જ દુઃખ પહોંચાડતી હતી. તેમણે વારંવાર કહેલું કે, "આપણી નર્મદાનું પાણી સમુદ્રમાં વેડફવું એ આપણા ગુજરાતી-દેશવાસીઓ સાથે અન્યાય છે." આ વિચારને સાર્થક કરવા વર્ષ ૧૯૪૬-૪૭માં જ સરદાર પટેલે નર્મદા નદી પર મોટો બંધ બાંધવાનો વિચાર રજૂ કર્યો હતો. તેમણે તે વખતના બોમ્બે સરકારના ઈજનેરોને આદેશ આપ્યો કે નર્મદા પર ઊંચો બંધ બાંધીને તેનું પાણી ગુજરાતના નજીકના-છેવાડાના દરેક ખૂણે પહોંચાડવાની યોજના તૈયાર કરો. તે સમયે ઘણા બુદ્ધિજીવી લોકોએ આ વિચારને અશક્ય અને અવ્યવહારુ ગણાવ્યો. પરંતુ સરદારની દૃઢ ઈચ્છાશક્તિ સામે કોઈ ટકી શકે તેમ નહોતું. કેન્દ્રીય જળ અને વીજ મંત્રાલયની સ્થાપનાસ્વતંત્રતા પછી વર્ષ ૧૯૪૭માં જ્યારે સરદાર પટેલ ભારતના પ્રથમ નાયબ વડાપ્રધાન અને ગૃહમંત્રી બન્યા, ત્યારે તેમણે દેશમાં પાણી અને વીજળીના મહત્વને ઓળખીને કેન્દ્રીય જળ અને વીજ મંત્રાલયની સ્થાપના કરી. આ મંત્રાલયનો મુખ્ય હેતુ મોટી નદીઓ પર બહુહેતુક પ્રોજેક્ટ બનાવવાનો હતો. સરદારે નર્મદા યોજનાને રાષ્ટ્રીય પ્રોજેક્ટ તરીકે વિકસાવવાનું વિચાર્યું હતું જેથી મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ગુજરાત અને રાજસ્થાન - ચારેય રાજ્યોને તેનો લાભ મળે. વર્ષ ૧૯૪૮માં પ્રથમ સર્વે અને નકશો પ્રકાશિત સરદારના આદેશથી વર્ષ ૧૯૪૭-૪૮માં જ નર્મદા નદી પર બંધ બાંધવા માટે પ્રથમ સર્વે શરૂ થયો. એ સમયના પ્રખ્યાત ઈજનેર ખોસલાએ નર્મદા પર 160 ફૂટથી વધુ ઊંચો બંધ બાંધી શકાય તેવો અહેવાલ આપ્યો. આજે જે સરદાર સરોવર બંધ છે તેની ઊંચાઈ 163 મીટર (535 ફૂટ) છે - એટલે કે સરદારના સમયનો વિચાર આજે પણ સાચો અને સફળ પુરવાર થયો છે.દુઃખની વાત એ છે કે વર્ષ ૧૯૫૦માં સરદાર પટેલનું અવસાન થયું અને તેમના પછી આ યોજના ઘણા વર્ષો સુધી રાજકીય ખેંચતાણ અને આંતરરાજ્ય વિવાદોમાં ફસાઈ રહી. પરંતુ સૌના કલ્યાણ માટે સેવેલું સરદારનું સ્વપ્ન સાકાર થઈને જ રહ્યું.

# ભરૂચના સંતોષી માતા મંદિરનો ચાર દિવસીય 'પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ' સંપન્ન

## શોભાયાત્રામાં અઘોરી બાબાનું તાંડવ આકર્ષણનું કેન્દ્ર

• ભરૂચ

ભરૂચના અયોધ્યાનગર વિસ્તારમાં ફિલ્ટરેશન પ્લાન્ટ સામે આવેલા શ્રી સંતોષી માતા મંદિરે શ્રી સંતોષી માતા યુવક મંડળ ટ્રસ્ટ દ્વારા આયોજિત ભવ્ય 'પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ'નું તા. ૧ ડિસેમ્બર, સોમવારના રોજ સફળતાપૂર્વક સમાપન થયું છે. આ ચાર દિવસીય ધાર્મિક અને સાંસ્કૃતિક મહોત્સવની શરૂઆત તા. ૨૮ નવેમ્બર, શુક્રવારથી થઈ હતી.

મહોત્સવનો પ્રારંભ તા. ૨૮મી નવેમ્બરના રોજ સાંજે ભવ્ય શોભાયાત્રા સાથે થયો હતો, જેમાં અઘોરી બાબા તાંડવે વિશેષ આકર્ષણ જમા વ્યું હતું. ત્યારબાદ તા. ૨૯મી નવેમ્બર, શનિવારના રોજ સવારે શાસ્ત્રોક્ત વિધિ મુજબ પ્રતિષ્ઠા વિધિનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

ધાર્મિક વિધિઓની સાથે સાથે સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજાયા હતા. તા. ૨૯મી નવેમ્બરની રાત્રે તવરાના પ્ર ખ્યા ત VR સાઉન્ડના લોકપ્રિય કલા કારો નરેન્દ્ર સોલંકી, પ્રકાશરાજ



વડાલીયા અને ઉષાબેન જાદવે લોક ડાયરાની રમઝટ બોલાવી હતી. જ્યારે તા. ૩૦મી નવેમ્બર, રવિવારની રાત્રે ભક્તોએ વેશભૂષા સાથે આવેલા શ્રી જય અંબે, જય બહુચર આનંદ ગરબા મંડળ (મિયાંગામ) ના ગરબાનો લાભ લીધો હતો.

મહોત્સવની પૂર્ણાહુતિ તા. ૧ ડિસેમ્બ રના રોજ સાંજે પ્રતિષ્ઠાની પૂર્ણાહુતિની વિધિ સાથે સંપન્ન થઈ હતી, જેમાં પ્રખ્યાત રામ કથાકાર ત્રિલોચના દેવીએ પોતાના આશીર્વાદ પાઠવ્યા હતા.

આ પવિત્ર પ્રસંગે ભરૂચના ધારાસભ્ય રમેશ મિસ્ત્રી, ભૂતપૂર્વ ધારાસભ્ય દુષ્યંત પટેલ, નગરપાલિકાના પ્રમુખ વિભૂતિબેન યાદવ સહિતના અગ્રણી નેતાઓ અને મોટી સંખ્યામાં ભાવિક ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

જન આક્રોશ યાત્રા દિવસ 11 સિદ્ધપુરથી પાટણ

# નામની ઘેલછા અને ઈતિહાસ બદલવા નીકળેલા ભાજપના લોકોએ ઐતિહાસિક માધુપાવડીયા ઘાટનું નામ બદલીને હીરાબા સરોવર કર્યું તે હિન્દુ સંસ્કૃતિનું અપમાન છે : શ્રી અમિતભાઈ ચાવડા

• અમદાવાદ

જન આક્રોશ યાત્રાના દસમા દિવસની શરૂઆત સિદ્ધપુર તાલુકાના બિલિયા ગામેથી શરૂ કરવામાં આવી જે બાદ યાત્રા લાલપુર, સિદ્ધપુર, ગોગલાસણ, ઉમરું, કાકોશી, મેત્રાણા, કુંવારા, લવારા, કલ્યાણા, દશાવાડા, નિદ્રોડા, વડુ, ચારુપ, નાયતા, કાંસા માર્ગે પાટણ તરફ આગળ વધી યાત્રા દરમ્યાન રસ્તામાં સ્થાનિકોએ ઠેરઠેર યાત્રાનું ભવ્ય સ્વાગત કર્યું.

આ પ્રસંગે શ્રી અમિતભાઈ ચાવડાએ જણાવ્યું કે સરસ્વતી નદીના કિનારે આવેલો ઐતિહાસિક માધુપાવડિયા ઘાટ સદીઓની આસ્થા અને ઈતિહાસનું પ્રતિક છે.પરંતુ સત્તામાં બેઠેલ લોકોએ આ ઘાટનું નામ બદલી હીરાબા સરોવર રાખીને નવી તકતી લગાવીને સમગ્ર ઈતિહાસને ભૂંસવાનો પ્રયત્ન કર્યો અને જો સરકાર આ રીતે જ લોકોની આસ્થાનું અપમાન કરતી રહેશે તો આગામી સમયમાં નાગરિકોને આ રાજકીય તકતીઓ ઉખાડતાં સમય નહીં લાગે

વધુમાં ભાજપના રાજમાં ગૌચરની જમીનો તેમના મળતીયાઓ દ્વારા પડાવી લેવામાં આવી છે ભાજપના



નેતાઓ જિલ્લામાં શિક્ષણનું વેપારિકરણ કરી રહ્યા છે પ્રાઈવેટ કોલેજો અને સ્કૂલો ચલાવી રહ્યા છે જ્યાં મસમોટી ફી વસુલવામાં આવી રહી છે રોડ રસ્તાઓની ખરાબ હાલત છે જિલ્લામાં રોજગારી ન મળતા યુવાઓને પોતાના ઘર છોડીને મોટા શહેરોમાં જવા મજબુર થવું પડી રહ્યું છે 3 દશકથી સત્તામાં હોવા છતાં હજુ સુધી જિલ્લામાં લોકોને પીવાના પાણીની સમસ્યા છે સિંચાઈ માટે પાણીની સમસ્યા છે કુદરતી આફતોમાં ખેડૂતોને સરકાર દ્વારા યોગ્ય વળતર નથી આપવામાં આવતું CLP નેતા ડૉ. તુષારભાઈ ચૌધરીએ જણાવ્યું કે જ્યારે દેશમાં કોંગ્રેસનું શાસન હતું ત્યારે કોંગ્રેસે ખેડૂતોને ક્યારેય દેવાદાર નથી થવા દીધા કોંગ્રેસે ખેડૂતોના દેવા માફ કર્યા કોંગ્રેસમાં રાજમાં ખેડૂતો, ખેતમજૂરો, મધ્યમવર્ગના લોકો સુખી હતા જ્યારે હાલની સરકારના નાનાથી લઈને મોટા એક પણ વર્ગના લોકો સુખી નથી કારણ કે હાલમાં જનતાનું નહિ પણ અધિકારીઓનું રાજ છે એટલા માટે આવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે.

આ પ્રસંગે CLP નેતા ડૉ. તુષારભાઈ ચૌધરી, સહપ્રભારી સુભાષિની યાદવ, AICC મીડિયા&પબ્લિસિટી વિભાગના ચેરમેન શ્રી પવન ખેરા, પાટણના ધારાસભ્ય શ્રી કિરીટભાઈ પટેલ, વડગામ ધારાસભ્ય શ્રી જીગ્નેશ મેવાણી, પાટણ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ શ્રી ગેમરભાઈ દેસાઈ, પૂર્વ ધારાસભ્ય શ્રી ચંદનજી ઠાકોર, વરિષ્ઠ આગેવાનો તેમજ મોટી સંખ્યામાં સ્થાનિક લોકો જોડાયા.

કવાંટ તાલુકાઓમાં નેશનલ મિશન અને નોન-મિશન

# કલસ્ટરદીઠ રવિ પાકોમાં પ્રાકૃતિક કૃષિ માટે પૂર્વ વાવણી અંગે તાલીમ

• અંજુમ ખત્રી છોટાઉદેપુર

છોટાઉદેપુર જિલ્લામાં ખેડૂતોને પ્રાકૃતિક કૃષિની તાલીમ આપી પ્રાકૃતિક કૃષિ તરફ વાળા સઘન પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. જેમાં આત્મા પ્રોજેક્ટ તેમજ ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ દ્વારા છોટાઉદેપુર જિલ્લાના કવાંટ તાલુકાઓમાં નેશનલ મિશન અને નોન-મિશન કલસ્ટરદીઠ રવિ પાકોમાં પ્રાકૃતિક કૃષિ માટે પૂર્વ વાવણી અંગે તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે. આ તાલીમમાં કૃષિ તજજ્ઞ તરીકે આત્મા પ્રોજેક્ટ તેમજ ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડના તાલુકા અને ગ્રામ્ય કક્ષાનો તમામ સ્ટાફ ઉપસ્થિત રહી પ્રાકૃતિક કૃષિની ઝુંબેશને પ્રોત્સાહન આપીને આગમી ઋતુ રવિ/શિયાળુ પાક માટે પ્રાકૃતિક કૃષિથી નવા વાવેતર માટે સંપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથે પ્રાકૃતિક કૃષિના આયમોનું જીવંત નિદર્શન બતાવીને તેનું મહત્વ સમજાવીને તાલીમ આપવામાં આવી રહી છે.



મહીસાગર જિલ્લાના મનરેગા લોકપાલ યોગેશકુમાર દ્વારા

# તાલુકા સ્તરે પણ લોકોની રજૂઆતો સાંભળવા માટેનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો

• વીરભદ્ર સિંહ સિસોદીયા
મહીસાગર

મહીસાગર જિલ્લાના મનરેગા લોકપાલ યોગેશકુમાર દ્વારા તાલુકા સ્તરે પણ લોકોની રજૂઆતો સાંભળવા માટેનો કાર્યક્રમ જાહેર કરવામાંઆવ્યો. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, લુણાવાડા ખાતે લોકપાલ તરીકે યોગેશકુમારની નિમણૂક કરવામાં આવી છે. આ નિમણૂકનો મુખ્ય ઉદ્દેશ મનરેગા હેઠળ શ્રમિકોને વેતન ન મળતું હોય, ઓછું મળતું હોય, ભ્રષ્ટાચાર થયો હોય કે રોજગારીમાં સમાવેશ ન થયો હોય તેવા ગ્રામજનોના પ્રશ્નોનું નિવારણ લાવવાનો છે. જે અંતર્ગત મહીસાગર જિલ્લાના મનરેગા લોકપાલશ્રી દ્વારા તાલુકા સ્તરે પણ લોકોની રજૂઆતો સાંભળવા માટેનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. લોકપાલશ્રી તારીખ ૦૯/૧૨/૨૫ ના રોજ બપોરે ૧:૩૦ થી ૨:૩૦ કલાક દરમિયાન તાલુકા પંચાયત કચેરી, કડાણા ખાતે હાજર રહી ગ્રામજનોના પ્રશ્નો તથા રજૂઆતો શાંભળશે. કડાણા વિસ્તારના મનરેગા સંબંધિત કોઈપણ પ્રકારની રજૂઆત કે ફરિયાદ ધરાવતા લાભાર્થીઓ અને નાગરિકો આ સમયગાળા દરમિયાન રૂબરૂ મુલાકાત લઈ પોતાની વાત જણાવી શકશે.મહીસાગર જિલ્લામાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા મહાત્મા ગાંધી નરેગા યોજના હેઠળ કરવામાં આવતી કામગીરીનું નિરીક્ષણ કરવા તથા પારદર્શિતા જાળવવા રાજ્ય સરકાર દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે . ગ્રામજનો હવે લોકપાલશ્રી સમક્ષ પોતાની રજૂઆત કરી શકશે. મનરેગા હેઠળ કામ કરતા શ્રમિકોને વેતન, અનિયમિતતા, ગેરરીતિ કે ભ્રષ્ટાચાર સંબંધિત કોઈપણ પ્રકારની સમસ્યા હોય તો કોઈપણ વ્યક્તિ લોકપાલશ્રી સમક્ષ ફરિયાદ નોંધાવી શકે છે. ફરિયાદ નોંધાવવા માટે જિલ્લા પંચાયત, લુણાવાડા ખાતે આવેલી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની કચેરીએ રૂબરૂ મળી શકાય છે અથવા પત્ર દ્વારા લેખિત ફરિયાદ પણ કરી શકાય છે. આ વ્યવસ્થા દ્વારા યોજનાના અમલીકરણમાં આવતી મુશ્કેલીઓને દૂર કરવા માટે સીધો સંપર્ક સ્થાપિત કરવામાં આવ્યો છે.

# મહીસાગર માર્ગ અને મકાન વિભાગ દ્વારા બાલાસિનોર-ઓથવાડ રસ્તાનું પહોળોકરણ અને મજબૂતીકરણ કાર્ય શરૂ

• વીરભદ્ર સિંહ સિસોદીયા. મહિસાગર

મહીસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકામાં આવતા બાલાસિનોર થી ઓથવાડ સુધીના મુખ્ય રસ્તાની કાયાપલટ કરવા માટે માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય) દ્વારા મહત્વકાંક્ષી કામગીરી શરૂ કરવામાં આવી છે. આ પ્રોજેક્ટ હેઠળ રસ્તાનું વિસ્તૃતિકરણ અને મજબૂતીકરણ કરવામાં આવશે. આ માર્ગ ગ્રામ્ય વિસ્તારોને તાલુકા મથક સાથે જોડતો હોવાથી, તેના સુધારાથી સ્થાનિક નાગરિકોની પરિવહન સુવિધાઓમાં નોંધપાત્ર વધારો થશે અને તેઓને વધુ સુરક્ષિત અને સરળ મુસાફરીનો અનુભવ પ્રાપ્ત થશે. આ કામગીરી નિર્ધારિત સમય મર્યાદામાં ગુણવત્તાયુક્ત રીતે પૂર્ણ થાય તે માટે વિભાગ દ્વારા સતત દેખરેખ રાખવામાં આવી રહી છે. આ સુધારેલો માર્ગ સ્થાનિક કૃષિ પેદાશો અને અન્ય માલસામાનને બજાર સુધી પહોંચાડવામાં મદદરૂપ થશે, જે આ વિસ્તારના આર્થિક વિકાસને નવી ગતિ આપશે.

પ્રાકૃતિક ખેતી અંગે સ્વયં પ્રેરિત ખેડૂતોનો તાલીમ કાર્યક્રમ આત્મા પ્રોજેક્ટ અંતર્ગત

# ગુજરાત પ્રાકૃતિક બોર્ડ દ્વારા જિલ્લાના સ્વયં પ્રેરિત ખેડૂતો માટે રળીયાતા ગામે તાલીમ કાર્યક્રમ

## પ્રાકૃતિક ખેતી માટે શપથ લઈને આ પર્યાવરણ-મૈત્રીપૂર્ણ ખેતી અપનાવવાનો સંકલ્પ લીધો હતો

• વીરદ્રસિંહ સિસોદિયા મહીસાગર

પ્રાકૃતિક ખેતી અંગે સ્વયં પ્રેરિત ખેડૂતોનો તાલીમ કાર્યક્રમ આત્મા પ્રોજેક્ટ અંતર્ગત ગુજરાત પ્રાકૃતિક બોર્ડ દ્વારા જિલ્લાના સ્વયં પ્રેરિત ખેડૂતો માટે બાલાસિનોર તાલુકાના રળીયાતા ગામે તાલીમ કાર્યક્રમ છે.

રાજ્યમાં જ્યારે ખેડૂતોનો ઝુકાવ પ્રાકૃતિક ખેતી તરફ વધી રહ્યો છે, ત્યારે ખેડૂતોને 'ઝીરો બજેટ' દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી અપનાવવા પ્રોત્સાહિત કરવાના ઉદ્દેશથી એક મહત્વપૂર્ણ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આત્મા અંતર્ગત ગુજરાત પ્રાકૃતિક બોર્ડ દ્વારા જિલ્લાના સ્વયં પ્રેરિત ખેડૂતો માટે બાલાસિનોર તાલુકાના રળીયાતા ગામે આ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ ખેડૂતો વધુ પ્રાકૃતિક ખેતી કરે અને પોતાની જમીન ફળદ્રુપ તેમજ ઉપજાવ બનાવે તે માટે જરૂરી માર્ગદર્શન પૂરું પાડવાનો હતો.

તાલીમ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના વિવિધ પાસાઓ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. તાલુકા પ્રોજેક્ટ મેનેજર અને બ્લોક ટેક્નોલોજી મેનેજર શકીલભાઈએ પ્રાકૃતિક ખેતી કરવા માટે વિસ્તૃત માહિતી આપી હતી. આ ઉપરાંત, પ્રગતિશીલ ખેડૂત અને તાલુકા સંયોજક દ્વારા ખેડૂતોને વિવિધ આયામો અપનાવી વધુમાં વધુ ખેડૂતો આ પદ્ધતિ તરફ વળે તે માટે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

આ તાલીમ કાર્યક્રમમાં કે.વી.કે. વેજલપુરથી ઉપસ્થિત રહેલા ડોક્ટર જયપાલસિંહ જાદવએ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અને વિવિધ બાગાયતી પાકો વિશે વિષય અનુરૂપ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે પ્રાકૃતિક ખેતી માત્ર ખેતી જ નહીં, પરંતુ આરોગ્ય સભર જીવન અને સમગ્ર સૃષ્ટિના કલ્યાણ માટેનું એક અભિયાન છે. જો વધુ ખેડૂતો આ પદ્ધતિ અપનાવે તો સમગ્ર માનવજાત સુખાકારી અને આર્થિક રીતે સધ્ધર બની શકે છે. કાર્યક્રમમાં પ્રત્યક્ષ પ્રાકૃતિક ખેતીના આયામોનું નિદર્શન પણ કરવામાં આવ્યું હતું.

આ તાલીમ કાર્યક્રમમાં ખૂબ જ મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા અને પ્રાકૃતિક ખેતી વિશે માહિતી અને માર્ગદર્શન મેળવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન બાલાસિનોર આત્મા અને બોર્ડ સ્ટાફ દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતમાં, તમામ હાજર ખેડૂતોએ સ્વદેશી અભિયાન માટે તેમજ પ્રાકૃતિક ખેતી માટે શપથ લઈને આ પર્યાવરણ-મૈત્રીપૂર્ણ ખેતી અપનાવવાનો સંકલ્પ લીધો હતો.




શ્રીમદ્ ભગવદ્ ગીતાના સનાતન મહત્વને જન-જન સુધી પહોંચાડવાનો મુખ્ય ઉદ્દેશ આ કાર્યક્રમનો હતો

# મહીસાગર જિલ્લામાં 'વિકાસ ભી - વિરાસત ભી' ના ધ્યેય સાથે ગીતા મહોત્સવની ઉજવણી

## મહીસાગર જિલ્લામાં જીલ્લા પંચાયત પ્રમુખ બાબુભાઇ પટેલના અધ્યક્ષ સ્થાને ગીતા મહોત્સવની ઉજવણી કાર્યક્રમ યોજાયો

• વીરભદ્ર સિંહ સિસોદીયા મહિસાગર



મહીસાગર જિલ્લામાં જીલ્લા પંચાયત પ્રમુખ બાબુભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને ગીતા મહોત્સવની ઉજવણી કાર્યક્રમ યોજાયો. ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા સંસ્કૃત ભાષા, ભારતીય જ્ઞાન-પરંપરા અને ખાસ કરીને "શ્રીમદ્ ભગવદ્ ગીતાના સંવર્ધન માટે વિવિધ યોજનાઓનું સંચાલન કરવામાં આવે છે. આ જ પ્રયાસોના ભાગ રૂપે, ગીતા જયંતિના પાવન અવસર પર રાજ્યના તમામ જિલ્લાઓમાં 'જિલ્લા સ્તરીય ગીતા મહોત્સવ'ના આયોજનનો સંકલ્પ કરવામાં આવ્યો છે. આ સંકલ્પને સાકાર કરતાં, મહીસાગર જિલ્લામાં પણ ગીતા મહોત્સવની વિશેષ ઉજવણી લુણાવાડાની કિશાન માધ્યમિક વિદ્યાલય ખાતે કરવામાં આવી હતી.

આ ભવ્ય કાર્યક્રમનું આયોજન મહીસાગર જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું અને જિલ્લા પંચાયત પ્રમુખ બાબુભાઈ પટેલના ગરિમામય અધ્યક્ષ સ્થાને સંપન્ન થયો હતો. કાર્યક્રમના અધ્યક્ષ બાબુભાઈ પટેલે તેમના પ્રેરક ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે આ મહોત્સવ માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ધ્યેય 'વિકાસ ભી - વિરાસત ભી' ને ખરા અર્થમાં આત્મસાત્ કરે છે. આ ઉત્સવ ભારતીય સંસ્કૃતિ, આધ્યાત્મિકતા, શાશ્વત જ્ઞાન અને લોક-સહભાગિતાનો એક અદ્ભુત સમન્વિત ઉત્સવ છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે 'શ્રીમદ્ ભગવદ્ ગીતા' માત્ર એક ધાર્મિક ગ્રંથ નથી, પરંતુ સમસ્ત માનવજાતના કલ્યાણ માટેનો એક વૈશ્વિક જ્ઞાન-ગ્રંથ છે. તેના આ સાર્વજાગતિક મહત્ત્વને કારણે, એપ્રિલ ૨૦૨૫માં શ્રીમદ્ ભગવદ્ ગીતાને યુનેસ્કો (UNESCO) ની Memory of the World Register (વિશ્વ-સ્મૃતિ નોંધણી-યાદી) માં સ્થાન મળ્યું છે, જે ભારતની જ્ઞાન-વારસાની વૈશ્વિક પ્રતિષ્ઠાને વધુ તેજસ્વી અને ગૌરવશાળી બનાવે છે. શ્રીમદ્ ભગવદ્ ગીતાના સનાતન મહત્વને જન-જન સુધી પહોંચાડવાનો મુખ્ય ઉદ્દેશ આ કાર્યક્રમનો હતો. આ ઉદ્દેશ અંતર્ગત, ગીતાના બારમા અધ્યાયનું ભાવપૂર્ણ સમૂહ પઠન કરવામાં આવ્યું હતું. મહીસાગર જિલ્લાના 'ગીતાંશ કંઠ પાઠ યોજના' માં પસંદ કરાયેલા ત્રણ તેજસ્વી વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓ કે જેમને ગીતાના નિર્ધારિત અધ્યાયો સંપૂર્ણપણે કંઠસ્થ છે, તેમને સન્માન પત્ર આપી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમને અંતે ગીતા મહોત્સવ માટે ખાસ તૈયાર કરવામાં આવેલી પ્રદર્શની અને સંસ્કૃત આયામ સૌ મુલાકાતીઓ માટે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. આ પ્રેરક કાર્યક્રમમાં કાર્યક્રમના નોડલ અધિકારીઓ , જિલ્લાના વિવિધ અધિકારીઓ , સમર્પિત સંસ્કૃત શિક્ષકશ્રીઓ તથા શાળાના મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ/વિદ્યાર્થિનીઓ ઉત્સાહપૂર્વક ઉપસ્થિત રહ્યા હતા.

પ્રથમ ગુજરાત ઈસ્પોર્ટ્સ ઓપનની ચેસમાં

# શેખ સોહિલ. ઈએએફસી (કોન્સલ)માં રાહુલ છગનાની ચેમ્પિયન બની

• અમદાવાદ



અમદાવાદના કર્ણાવતી ક્લબ ખાતે રમાયેલી પ્રથમ ગુજરાત ઈસ્પોટર્સ ઓપન ચેમ્પિયનશીપની છ ગેમ્સની અત્યંત રોમાચંક ફાઈનલ બાદ ચેસમાં શેખ સોહિલ, ઈએ એફસી (કોન્સલમાં રાહુલ છગનાની, આસી24માં શક્તિસિંહ પરમાર, ઈફૂટબોલ-મોબાઈલમાં કમલ ચાવડા, સ્ટ્રીટ ફાઈટર-6માં લવીશ કલાલ, બેટલગ્રાઉન્ડ મોબાઈલ ઈન્ડિયામાં ફિયર સ્પોટર્સ વિજેતા રહ્યા હતા સ્પર્ધામાં કુલ 2328 ખેલાડીઓએ નામ નોંધાવ્યા હતા જેમાંથી ટોચના 120 સ્પર્ધકોએ ફાઈનલમાં ભાગ લીધો હતો.

અત્યંત રોમાંચક એવી આ સ્પર્ધાના ઈનામ વિતરણ સમારોહમાં ગુજરાતી ઈસ્પોટર્સ એસોસિએશનના પ્રમુખ દેવ પટેલ, ઈન્ડિયન ઓલિમ્પિક એસોસિએશનના વાઈસ પ્રેસિડન્ટ ગગન નારંગ, એફઈએઆઈના ફાઉન્ડિંગ ડિરેક્ટર વૈભવ ડાંગે, ઈન્દ્રપ્રસ્થ ઈસ્પોટર્સના ડિરેક્ટર અભિષેક ઈશર, જીસીસીઆઈના પ્રેસિડન્ટ સંદીપ પી. એન્જિનિયર, અદાણી સ્પોટર્સ લાઈનના સીબીઓ સંજય આદેસરા, વિજય ભારતી ફાઉન્ડેશનના બોર્ડ મેમ્બર દુર્ગેશ અગ્રવાલ હાજર રહ્યા હતા.

ગુજરાત ઈસ્પોટર્સ ઓપન ચેમ્પિયનશીપનાં પરિણામોચેસઃ વિજેતા શેખ સોહિલ (25000 રુપિયા), રનર અપઃ માધવ વોરા (રૂ.15000), સેકન્ડ રનર અપઃ જિહાન શાહ (રૂ.10000)ઈએ એફસી કોન્સોલઃ વિજેતાઃ રાહુલ છગગાની (રૂ. 13000), રનર અપઃ ખેતાન દરજી (રૂ. 7000)સેકન્ડ રનરઅપઃ આદિત્ય તોલાની (રૂ.5000). આરસી24 વિજેતા શક્તિસિંહ પરમાર (રૂ. 13000), રનર અપઃ રોહન પટેલ (રૂ. 7000), સેકન્ડ રનરઅપઃ હિતેશ અંબાલિયા (રૂ. 5000)ઈ-ફૂટબોલ મોબાઈલઃ વિજેતાઃ કમલ ચાવડા (રૂ. 13000), રનરઅપઃ ઓમ આંબલિયા (રૂ. 7000), સેકન્ડ રનર અપ માધવ શ્રીવાસ્તવ (રૂ. 5000). સ્ટ્રીટ ફાઈટર 6- વિજેતા લવીશ કલાક (રૂ. 13000), રનર અપઃ આરૂષ (રૂ. 7000), સેકન્ડ રનરઅપઃ હિતેશ (રૂ. 5000).બેટલ ગ્રાઉન્ડ મોબાઈલ ઈન્ડિયાઃ વિજેતાઃ ફિઅર ઈસ્પોટર્સ (રૂ. 75000), રનરઅપઃ ટીમ રો (રૂ. 40000), સેકન્ડ રનરઅપઃ ટીમ એલિટ વોરિયર્સ (રૂ. 25000). એમવીપીઃ રુદ્રેશ મકવાણા (રાવાનોગ)- રૂ. 10000.

# મોટા ચિલોડા સર્કલ નજીક રોડ ક્રોસ કરતાં વૃદ્ધને ટ્રકે કચડ્યા

ગાંધીનગરના મોટા ચિલોડા સર્કલ પર ભારે ટ્રાફિક જામથી બચવા યુ-ટર્ન લેવા માટે રસ્તો બદલવો અમદાવાદના એક નિવૃત્ત વૃદ્ધ માટે જીવલેણ સાબિત થયો છે. ગઈકાલે મધરાતે મહેસાણાથી બે ભાઈઓ સાથે કારમાં પરત ફરી રહેલા 70 વર્ષીય વૃદ્ધ આઈવા ટ્રકની ટક્કરે કમકમાટીભર્યું મોત થયું છે. આ અંગે ચિલોડા પોલીસે ગુનો નોંધી ફરાર ટ્રક ચાલકને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે. અમદાવાદના બાપુનગર ખાતે રહેતા નટવરભાઇ ઈશ્વરદાસ પટેલ તેમના બે નાના ભાઈ લક્ષ્મણભાઈ (ઉ.વ.70) તથા પુરષોત્તમભાઈ સાથે ગઈકાલે બલેનો ફોરવ્હીલ ગાડી લઈને મહેસાણાના શંકરપુરા ખાતે ધાર્મિક પ્રસંગમાં ગયા હતાં. ત્યાંથી સાંજના આશરે સાડા છ વાગે ઘરે અમદાવાદ પરત જવા નીકળ્યા હતા. એ વખતે ગાડી તેમના નાના ભાઈ પુરષોત્તમભાઈ ચલાવતા હતાં. દરમિયાન મોટા ચિલોડા સર્કલ પહોંચતા સર્કલ ઉપર નિત્યક્રમ મુજબ ભારે ટ્રાફીક જામ હતો. આથી અમદાવાદ જવા માટે પુરષોત્તમભાઈએ ગાડી હિંમતનગર તરફના રોડે મહુન્દ્રા બ્રીજથી યુ ટર્ન લીધો હતો. બાદમાં સામેના રોડે જતી વેળાએ પુરોહિત હોટલથી આગળ મેઈન હાઈવે ઉપર નવા બનેલ બ્રીજના છેડાએ કટ હોવાથી અન્ય વાહનો યુ ટર્ન લેતા હતા. જેથી પુરષોત્તમભાઈએ ગાડી રોડની સાઇડમાં ઉભી રાખી દીધી હતી. અને નટવરભાઈ અને લક્ષ્મણભાઈ ગાડીમાંથી નીચે ઉતર્યા હતા. ટ્રાફિક હોવાના લીધે ગાડી વળી નહીં શકતા બંને ભાઈઓ મહુન્દ્રા બ્રીજના નીચે તરફ જઈ રોડ ક્રોસ કરી રહ્યા હતાં. આ દરમ્યાન હિંમતનગર તરફથી આવતી આઈવા ટ્રકના ચાલકે પોતાની આઈવા ગાડી પુરઝડપે અને ગફલતભરી રીતે બેદરકારીથી ચલાવી લક્ષ્મણભાઈને ટકકર મારતા તેઓ રોડ ઉપર પડી ગયા હતાં. એજ ઘડીએ ટ્રકના ટાયર લક્ષ્મણભાઈ ઉપરથી ફરી વળ્યા હતા અને તેનું નટવરભાઈની નજર સામે જ ઘટનાસ્થળે કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. આ અકસ્માત સર્જી આઈવા ટ્રક ચાલકે થોડે આગળ તેની આઈવા ગાડી રોડની સાઈડમાં ઉભી રાખી દીધી હતી. અને ટ્રક મૂકીને નાસી ગયો હતો. એવામાં આજુબાજુમાંથી માણસો ભેગા થઈ ગયા હતાં. આ બનાવની જાણ થતા ચિલોડા પોલીસ સ્થળ પર દોડી ગઈ હતી અને ટ્રાફિક ક્લિયર કરાવ્યો હતો. બાદમાં વોન્ટેડ ટ્રક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાનૂની કાર્યવાહી હાથ ધરી છે.

# શતાબ્દી ટ્રેનમાં તત્કાલ બુકિંગની નવી પ્રક્રિયા આજથી શરૂ

રેલવેએ પાઈલટ પ્રોજેક્ટ હેઠળ અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ શતાબ્દી એક્સપ્રેસની તત્કાલ ટિકિટ બુકિંગ કરવાની પ્રક્રિયામાં ફેરફાર કર્યો છે. હવે તત્કાલ બુકિંગ માટે OTP વેરિફિકેશન ફરજિયાત કરાયું છે. જે આજથી એટલે કે, 1 ડિસેમ્બરથી અમલમાં આવ્યું છે. આ પ્રોસેસમાં OTP વેરિફિકેશન બાદ જ ટિકિટ બુકિંગ કન્ફર્મ થશે. આ નવી વ્યવસ્થા કમ્પ્યુટરાઇઝ્ડ રિઝર્વેશન કાઉન્ટર, ઓથોરાઈઝ્ડ એજન્ટ, IRCTC વેબસાઈટ અને IRCTCની એપ દ્વારા બુક કરાયેલી તમામ તત્કાલ બુકિંગ પર લાગુ થશે. ટિકિટના દુરુપયોગને રોકવા રેલવે દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે. જો આ નવી પ્રોસેસમાં સફળતા મળશે તો આગામી સમયમાં બીજી ટ્રેનોના બુકિંગ માટે પણ આ પ્રોસેસ લાગુ કરવામાં આવશે. ઓટીપી વેરિફિકેશન થકી બુકિંગ થતા ફેક મોબાઈલ નંબરથી થતું ગેરકાયદે તત્કાલ બુકિંગ ઘટશે, જેથી વધુ સાચા પેસેન્જરને તક મળશે. દરેક ટિકિટ વેરિફાઈડ મોબાઈલ ફોન નંબર સાથે જોડાયેલી હોવાથી બુકિંગ પ્રક્રિયા સુરક્ષિત થશે અને તેના દુરુપયોગથી મુક્ત બનશે. મોબાઈલ પર આવેલા OTPના વેરિફિકેશન બાદ બુકિંગ થતા એક જ નંબરથી વધુ બુકિંગ અટકશે. વાસ્તવિક મોબાઈલ નંબર રેલવેના રેકોર્ડમાં હોવાથી ઈમર્જન્સીના સમયે પેસેન્જર સુધી પહોંચવું સરળ બનશે. ટ્રેનો રદ કરાતા, રદમાં ફેરફાર કરાતા કે મોડી પડવાની સૂચના સીધી જ વેરિફાઈડ નંબર પર મોકલી શકાશે. આ અંગે કાલુપુર રેલવે સ્ટેશન પી.આર.એસ.ના ચીફ રિઝર્વેશન ઈન્સ્પેક્ટર દિવ્યાંગ નામદેવના જણાવ્યા અનુસાર, શતાબ્દી ટ્રેનમાં તત્કાલ બુકિંગની પ્રક્રિયામાં હવે ફેરફાર કરવામાં આવ્યો છે.

ગાંધીનગરના PG સંચાલક સાથે શેરબજારમાં રોકાણના નામે 10 લાખની ઠગાઈ

# ગાંધીનગર : મહિલાને ફેસબુક પર આવેલી જાહેરાત ભારે પડી

• ગાંધીનગર

ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં પી.જી. ચલાવતા એક મહિલા સંચાલકને ફેસબુક પર આવેલી શેરબજારમાં રોકાણની જાહેરાત ભારે પડી છે. કોટક સિક્યોરિટીઝના નામે શરૂ કરાયેલા વોટ્સએપ ગ્રુપ મારફતે અજાણ્યા ઠગોએ મહિલા પાસેથી તબક્કાવાર કુલ 10 લાખ પડાવી લીધા હતા. આ અંગે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાતા પોલીસે અત્યાર સુધીમાં 5.18 લાખ જેટલી રકમ રિકવર કરી છે, જ્યારે બાકીના રૂ.4.82 લાખ પરત મેળવવાની કાર્યવાહી ચાલી રહી છે. ગાંધીનગર કુડાસણ પ્રમુખ હોમ્સ ખાતે હાલમાં પોતાની દીકરી સાથે રહેતા અને એમ.કે. પી.જી.ના સંચાલક રક્ષાબેન મધુકાંતભાઈ ભટ્ટ આશરે સવા વર્ષ પહેલા D-304, શ્રીનાથ હોમ્સ ખાતે રહેતા હતા, ત્યારે તેમણે ફેસબુક પર શેરમાર્કેટમાં રોકાણ કરવા માટેની કોટક સિક્યોરિટીઝના નામની જાહેરાત જોઈ હતી. બાદમાં રક્ષાબેને રોકાણ કરવામાં રસ હોવાથી જાહેરાત નીચેની વ્હોટ્સએપ ગ્રુપ જોઈન કરવાની લિંક પર ક્લિક કર્યું હતું. આ ગ્રુપનું નામ IGP777/KOTAK-Stok market analysis, sharing and guidance હતું. આ ગ્રુપમાં થતી એક્ટિવિટીનું બે મહિના સુધી નિરીક્ષણ કર્યા બાદ 7 નવેમ્બર, 2024ના રોજ તેમને એક મોબાઈલ નંબર પરથી વ્હોટ્સએપ કોલ આવ્યો હતો. કોલ કરનાર ઈસમે રક્ષાબેનને શેર બજારમાં રોકાણ કરવાની લાલચ આપી એક લિંક મોકલી. જે લિંક પર ક્લિક કરતા જ kotak neo નામના સિમ્બોલવાળી એપ્લિકેશન ઓપન થઈ હતી. જેમાં રક્ષાબેને રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. ત્યારબાદ 12 નવેમ્બર, 2024ના રોજ રક્ષાબેને સૌપ્રથમ 30 હજાર રોક્યા હતા. આમ શેર બજારમાં રોકાણનો સિલસિલો શરૂ થયો હતો. બાદમાં તેમને ભારતી લેંગવાલ નામની વ્યક્તિના વ્હોટ્સએપ કોલ આવતા તેમણે 60 હજારનું વધુ રોકાણ કર્યું હતું. 12 નવેમ્બરથી 2 ડિસેમ્બર સુધી અલગ-અલગ બેંક ખાતાઓમાં રક્ષાબેને તબક્કાવાર કુલ 10 લાખ જમા કરાવી દીધા હતા. જોકે, મોટી રકમ મળતા જ સાયબર ઠગોએ તેમને વ્હોટ્સએપ ગ્રુપમાંથી રિમૂવ કરી દેવામાં આવ્યા હતા. બાદમાં રક્ષાબેને પૈસા વિડ્રો કરવાની પ્રોસેસ કરતા જણાવાયું હતું કે, રૂ.5,48,331 કમિશન પેટે જમા કરાવો પછાત જ રકમ વિડ્રો થઈ શકશે. આ જાણીને રક્ષાબેનને પોતાની સાથે ઠગાઈ થયાનું માલૂમ પડ્યું હતું. આ મામલે તેમની દીકરીએ તાત્કાલિક સાયબર ક્રાઈમ હેલ્પલાઈન નંબર 1930 પર જાણ કરી હતી. આ મામલાની ગંભીરતા જોઈને સાયબર પોલીસે જે.જે. એકાઉન્ટમાં પૈસા ટ્રાન્સફર થયા હતા એની વિગતો મેળવી તપાસનો દોર શરૂ કર્યો હતો. જેના પગલે રૂ.2,49,712. હોલ્ડ થઈ ગયા હતા અને વધુ તપાસ દરમ્યાન વધુ ત્રણ લાખ પરત મળતા કુલ રૂ.5.18 લાખ રક્ષાબેનને પરત મળી ગયા હતા. જોકે, બાકીના 4.82 લાખ આજદિન સુધી પરત નહીં મળતા રક્ષાબેને સમગ્ર સાયબર ફ્રોડ મામલે ફરિયાદ નોંધાવી છે.

કાર્યક્રમ બાદ મા સતી અને શિવલિંગની આ પ્રતિમાઓ સેન્ટર ફોર સનાતન રિસર્ચના રાષ્ટ્રીય ખજાનચી ડૉ. ઈલેવાન ઠાકરના નેતૃત્વમાં ગુજરાત લાવવામાં આવી હતી

# ગુજરાતના હળવદમાં મા સતી અને શિવલિંગ મંદિર નિર્માણનો થશે આરંભ : ૫૧ શક્તિ પીઠોની પવિત્ર માટીથી બનેલી પ્રતિમાઓ સ્થાપિત થશે

**આ મંદિર સનાતન સંસ્કૃતિ, શક્તિ અને ભક્તિની પરંપરાને આગળ વધારશે અને સમાજમાં ધાર્મિક તથા સાંસ્કૃતિક જાગૃતિ ફેલાવશે**

ગાંધીનગર : સેન્ટર ફોર સનાતન રિસર્ચ અને પરશુરામ ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે માં સતી (આદ્યા શક્તિ) અને શિવલિંગ મંદિરના નિર્માણનું ભૂમિપૂજન ૫ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ ગુજરાતના મોરબી જિલ્લાના હળવદ તાલુકાના જૂના દેવળીયા ગામે યોજાશે. આ ભવ્ય મંદિરમાં સ્થાપિત થનારી માં સતીની પ્રતિમા ૫૧ શક્તિ પીઠોમાંથી લાવવામાં આવેલી પવિત્ર માટીથી બનાવવામાં આવી છે, જ્યારે શિવલિંગની પ્રતિમા દ્વાદશ જ્યોતિર્લિંગોની માટીથી તૈયાર કરવામાં આવી છે.

ગયા વર્ષે ૩૦ નવેમ્બર અને ૧ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ વારાણસી સ્થિત રુદ્રાક્ષ કન્વેન્શન સેન્ટરમાં સેન્ટર ફોર સનાતન રિસર્ચ દ્વારા ૫૧ શક્તિ પીઠ અને દ્વાદશ જ્યોતિર્લિંગોનું મહાસમાગમ યોજાયું હતું. આ પ્રસંગે દેશ-વિદેશના શક્તિ પીઠો અને જ્યોતિર્લિંગોમાંથી લાવવામાં આવેલી પવિત્ર માટીથી મા સતી અને શિવલિંગની પ્રતિમાઓ તૈયાર કરવામાં આવી હતી. આ પ્રતિમાઓની પૂજા પ્રતિષ્ઠિત અર્ચકો દ્વારા કરવામાં આવી, જેના કારણે સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. મહાસમાગમમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સુરેશ 'ભૈયાજી' જોશી, શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્રના સચિવ ચંપતરાય સહિત અનેક સંતો, મહંતો, વિદ્વાનો અને ગણમાન્ય મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા. આ મહાનુભાવોની હાજરીથી કાર્યક્રમની ગૌરવમાં વધારો થયો હતો. કાર્યક્રમ બાદ મા સતી અને શિવલિંગની આ પ્રતિમાઓ સેન્ટર ફોર સનાતન રિસર્ચના રાષ્ટ્રીય ખજાનચી ડૉ. ઈલેવાન ઠાકરના નેતૃત્વમાં ગુજરાત લાવવામાં આવી હતી. હવે આ પ્રતિમાઓની સ્થાપન માટે ભવ્ય મંદિરનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે, જેના ભૂમિપૂજનનું આયોજન ૫ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ થવાનું છે. આ મંદિરને 'આદ્યા શક્તિ પીઠ' તરીકે ઓળખવામાં આવશે. ડૉ. ઈલેવાન ઠાકરે જણાવ્યું હતું કે, આ મંદિર માત્ર સ્થાપત્ય રચના નહીં, પરંતુ સનાતન સંસ્કૃતિ, શક્તિ અને ભક્તિનું જીવંત પ્રતિક બનશે. તેમણે આ મંદિરને ભારતીય સનાતન પરંપરાની દિવ્યતા અને શક્તિનું અનોખું સંગમ ગણાવ્યું હતું. ડૉ. ઠાકરે જણાવ્યું, "હવે એ ઐતિહાસિક ક્ષણ આવવાની છે, જ્યારે આ ભવ્ય મંદિરના નિર્માણની પાયાની ઈંટ મૂકવામાં આવશે. આધ્યાત્મિક મહત્તા અને સાંસ્કૃતિક ગૌરવથી ભરપૂર આ અવસરે તમામ ધાર્મિક ભાવનાવાળા, ભક્તો અને સનાતન સંસ્કૃતિમાં શ્રદ્ધા ધરાવતા સૌને વિનમ્ર અપીલ છે કે તેઓ પરિવાર સાથે પધારીને આ દિવ્ય અનુષ્ઠાનનો ભાગ બને."

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આ મંદિર આવનારી પેઢીઓ માટે આધ્યાત્મિક પ્રેરણાનું કેન્દ્ર બનશે. અહીં શક્તિ અને શિવ બંનેની ઉપસ્થિતિ ભક્તોને માર્ગદર્શન અને આશીર્વાદ આપશે. ડૉ. ઠાકરે ઉમેર્યું, "આ મંદિર માત્ર પથ્થર અને માટીનું ઢાંચું નહીં, પણ ભવિષ્યની પેઢીઓને સનાતન સંસ્કૃતિના પાઠ અને મૂલ્યો સાથે જોડવાનું માધ્યમ બનશે." સેન્ટર ફોર સનાતન રિસર્ચ અને પરશુરામ ફાઉન્ડેશને તમામ ધાર્મિક ભાવનાવાળાને અપીલ કરી છે કે, તેઓ આ પવિત્ર ક્ષણના સાક્ષી બને અને સનાતન સંસ્કૃતિના આ ઐતિહાસિક અધ્યાયમાં પોતાની હાજરી નોંધાવે. આયોજક સમિતિએ જણાવ્યું હતું કે, આ મંદિર સનાતન સંસ્કૃતિના જીવંત પ્રતિક રૂપે સ્થાપિત થશે, જ્યાં વિવિધ ધાર્મિક અનુષ્ઠાન અને કાર્યક્રમો યોજાશે. મંદિર નિર્માણને લઈને સમગ્ર વિસ્તારમાં ઉત્સાહનો માહોલ છે. આયોજકોના જણાવ્યા મુજબ, ૫૧ શક્તિ પીઠો અને દ્વાદશ જ્યોતિર્લિંગોની માટીથી બનેલી પ્રતિમાઓની સ્થાપનાથી આ સ્થળને વિશેષ આધ્યાત્મિક મહત્વ પ્રાપ્ત થશે. આ ભવ્ય મંદિરના નિર્માણને લઈને તમામ વર્ગોમાં ઉત્સુકતા જોવા મળી રહી છે. સમારંભમાં વધુમાં વધુ ધાર્મિક ભાવનાવાળાની ભાગીદારી સુનિશ્ચિત કરવા માટે વ્યાપક આમંત્રણ આપવામાં આવી રહ્યા છે. આયોજકોનું માનવું છે કે, આ મંદિર સનાતન સંસ્કૃતિ, શક્તિ અને ભક્તિની પરંપરાને આગળ વધારશે અને સમાજમાં ધાર્મિક તથા સાંસ્કૃતિક જાગૃતિ ફેલાવશે.

મંદિર નિર્માણના આ આરંભને લઈને વિસ્તારમાં વિશેષ તૈયારીઓ ચાલી રહી છે. આયોજક મંડળે તમામ ભક્તો અને ધાર્મિક ભાવનાવાળાને અપીલ કરી છે કે, તેઓ આ ઐતિહાસિક અવસરે હાજરી આપી સનાતન સંસ્કૃતિની આ અનન્ય વારસાનો ભાગ બને.




ગુજરાતની 'જન આક્રોશ યાત્રા'માંથી શ્રી પવન ખેડાનો સીધો સંદેશ

# જાલિમ સત્તાને હટાવવાનો સમય આવી ગયો છે

**'30 વર્ષનો કષ્ટદાયક સમય હવે સમાપ્ત થવા જઈ રહ્યો છે અને ગુજરાતમાં કોંગ્રેસ પક્ષની સરકાર આવવાની છે.' - શ્રી પવન ખેડા**



• અમદાવાદ

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના મીડિયા ડિપાર્ટમેન્ટના ચેરમેન, શ્રી પવન ખેડાજીએ આજે ગુજરાતના સિદ્ધપુરમાં આયોજિત 'જન આક્રોશ યાત્રા' દરમિયાન એક તીવ્ર અને પ્રેરણાદાયક નિવેદન આપ્યું. તેમણે દૃઢતાપૂર્વક કહ્યું કે કોંગ્રેસ પક્ષ રસ્તાઓ પર સંઘર્ષ કરી રહ્યો છે અને તે અફવાને નકારી કાઢી કે તે ક્યાંય દેખાતો નથી; ઊલટું, કોંગ્રેસ અહીં રોજગાર, મોંઘવારી, ખેડૂતોના દેવા અને નાના વેપારીઓના હિતો માટે સતત લડી રહી છે, સાથે જ નશાખોરીની સમસ્યા સામે પણ અવાજ ઉઠાવી રહી છે. ખેડાજીએ દાવો કર્યો કે આ 'જન આક્રોશ યાત્રા'ની અસર એટલી ઊંડી છે કે દિલ્હીમાં બેઠેલી સત્તાના 'હાથ-પગ ધ્રૂજવા લાગ્યા છે,' જે ગુજરાતની જનતાની એકતા અને શક્તિનો પુરાવો છે. શ્રી ખેડાએ વર્તમાન સરકાર પર હુમલો કરતાં કહ્યું કે દેશ એક મુશ્કેલ સમયગાળામાંથી પસાર થઈ રહ્યો છે, જે કોઈ ચોક્કસ ધર્મ કે જાતિ પૂરતો મર્યાદિત નથી. તેમણે આરોપ લગાવ્યો કે મોંઘવારી અને બેરોજગારી બંને હિન્દુ અને મુસલમાન, દરેકના ઘરોને સમાન રીતે અસર કરી રહી છે, અને ખેડૂત વર્ગ પણ જાતિ કે ધર્મના ભેદભાવ વિના પરેશાન છે. તેમણે સત્તા પક્ષ પર એક મોટી ષડયંત્ર રચવાનો આરોપ લગાવ્યો, જે હેઠળ યુવાનોની આખી પેઢીને ડ્રગ્સ અને નશામાં ધકેલવામાં આવી રહી છે, જેથી તેઓ બેરોજગારી અને મોંઘવારી જેવા તેમના ભવિષ્ય સાથે જોડાયેલા મૂળભૂત પ્રશ્નો પર અવાજ ન ઉઠાવી શકે. આ જ ષડયંત્ર હેઠળ, વડીલોને હિન્દુ-મુસલમાનના ઝઘડાઓમાં વ્યસ્ત રાખવામાં આવી રહ્યા છે. તેમણે આશ્ચર્ય વ્યક્ત કરતાં કહ્યું કે સૂકો પ્રદેશ હોવા છતાં ગુજરાતમાં જેટલો દારૂ વહે છે, તેટલો તો ચેરાપુંજીમાં વરસાદ પણ નથી થતો. આ બધું એટલા માટે કરવામાં આવી રહ્યું છે જેથી 'જાલિમ' સત્તામાં બની રહે અને જનતાને તેમના મુદ્દાઓથી ભટકાવી શકાય. ખેડાજીએ સ્પષ્ટ કર્યું કે આ જાલિમ સત્તાને દૂર કરવી અનિવાર્ય છે, કારણ કે તો જ યુવાનોને નોકરી મળશે, ખેડૂતોના દેવા માફ થશે અને નાના વેપારીઓ શાંતિનો શ્વાસ લઈ શકશે. તેમણે સિદ્ધપુરની જનતાને વિશ્વાસ અપાવ્યો કે કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય નેતાઓ–શ્રી રાહુલ ગાંધી અને શ્રી મલ્લિકાર્જુન ખડગે–દિલ્હીમાં તેમના રોજિંદા જીવન સાથે જોડાયેલા મુદ્દાઓ ઉઠાવી રહ્યા છે, અને ગુજરાતમાં અમિતભાઈ ચાવડાની સાથે મળીને આખી કોંગ્રેસ જનતાના મુદ્દાઓ ઉઠાવે છે.

કોંગ્રેસ તેમના માટે લડતી રહેશે. તેમણે કાર્યકર્તાઓ અને જનતાને વચન આપ્યું કે તેઓ પીછેહઠ નહીં કરે, ભલે તેમને જેલ, લાઠી અથવા ગોળીનો સામનો કરવો પડે, કારણ કે તેમની સાથે સિદ્ધપુર, કાકોસી, પાટણ અને સમગ્ર ગુજરાતની તાકાત છે. શ્રી ખેડાએ અંતમાં ઘોષણા કરી કે છેલ્લા 30 વર્ષનો કષ્ટદાયક દોર હવે સમાપ્ત થવા જઈ રહ્યો છે અને ગુજરાતમાં કોંગ્રેસ પક્ષની સરકાર આવવાની છે.

ક્ષત્રિય ઠાકોર સેનાના પ્રમુખ હિતેશ ઠાકોરે CMને પત્ર લખીને

# OBC, SC અને ST સમાજની રાજકીય અવગણના સામે વિરોધ

**આ પત્રમાં તેમણે આ સમાજોની રાજકીય ક્ષેત્રે નોંધ ન લેવાતી હોવા અંગે ચિંતા વ્યક્ત કરી છે**

• સુરેશ ભાલીયા જેતપુર

પત્રમાં જણાવાયું છે કે ગુજરાતમાં આશરે 2.5 કરોડની કોળી અને ઠાકોર સમાજની વસ્તી હોવા છતાં, સાંસદ અને ધારાસભ્ય તરીકે આ સમાજના બદલે અન્ય સમાજના નેતાઓનું પ્રભુત્વ જોવા મળે છે. ઠાકોર સમાજના પ્રમુખે ચેતવણી આપી છે કે જો OBC, SC અને ST સમાજની અવગણના ચાલુ રહેશે અને તેઓ જાગૃત થશે, તો તેના ગંભીર રાજકીય પરિણામો આવી શકે છે.

તેમણે 2027ની ચૂંટણીમાં મોટા નુકસાનની શક્યતા પણ વ્યક્ત કરી છે. ક્ષત્રિય કોળી ઠાકોર સમાજે મુખ્યમંત્રી સમક્ષ મક્કમ માંગણી કરી છે કે જ્યાં સુધી OBC, SC અને ST સમાજને રાજકીય અને સામાજિક ક્ષેત્રે યોગ્ય સ્થાન ન મળે, ત્યાં સુધી EWS (આર્થિક રીતે નબળા વર્ગ) ના વર્તમાન માળખામાં કોઈપણ પ્રકારનો સુધારો કે ફેરફાર કરવામાં ન આવે. તેમણે સ્પષ્ટ કર્યું છે કે OBC, SC



અને ST સમાજનું હજી યોગ્ય સ્થાન નિશ્ચિત નથી, ત્યારે EWSમાં ફેરફારની માંગ સામે વિરોધ કરવો જરૂરી છે. વરૂણ પટેલ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં EWS લાગુ કરવાની માંગ કરી છે,ત્યારે હિતેશ ઠાકોરે લખેલ પત્ર OBC, SC અને ST સમાજની ચિંતાઓને ઉજાગર કરે છે. આ ઘટનાક્રમથી રાજ્યના રાજકારણમાં જ્ઞાતિ સમીકરણોનું મહત્ત્વ ફરી એકવાર ચર્ચાના કેન્દ્રમાં આવ્યું છે.

# ગાંધીનગર : ચિંતન શિબિર બાદ સ્વર્ણિમ સંકુલમાં અરજદારોનો ધસારો

TAT ઉમેદવારો શિક્ષણ મંત્રી રિવાબા જાડેજાને મળ્યા, ભરતી પ્રક્રિયા ત્વરિત શરૂ કરવાની માગ કરી આવેદન પત્ર પાઠવ્યું

• ગાંધીનગર

મંત્રીઓ અને અધિકારીઓ ચિંતન શિબિરમાં ગયા હોવાથી ગયા મંગળવારે કેબિનેટ બેઠક પૂર્ણ થયા બાદ સ્વર્ણિમ સંકુલ લગભગ ખાલી જોવા મળી રહ્યું હતું, પરંતુ આજે સોમવારે ઓફિસો શરૂ થતા જ અરજદારો અને મુલાકાતીઓની અવરજવરથી સ્વર્ણિમ સંકુલ ફરી ધમધમતું થયું. આજરોજ TAT (Higher Secondary & Secondary) ઉમેદવારો મોટી સંખ્યામાં સ્વર્ણિમ સંકુલ ખાતે પહોંચ્યા અને શિક્ષણ મંત્રી પ્રદ્યુમન વાજા તથા રાજ્ય કક્ષાના શિક્ષણ મંત્રી રિવાબા જાડેજાને આવેદનપત્ર આપ્યું. ત્યારબાદ ઉમેદવારો દ્વારા વિધા સમીક્ષા કેન્દ્રમાં પણ આવેદન પત્ર આપી વિગતવાર રજૂઆત કરવામાં આવી. ભરતીનો બીજો રાઉન્ડ જાહેર કરવા તથા જનરલ સીટમાં મેરિટ પ્રમાણે આવતા દરેક કેટેગરીના ઉમેદવારને જનરલની સીટ પસંદ કરવા મળે. આદર્શ નિવાસી શાળાની મંજૂર ખાલી જગ્યા 2023ની ભરતી અને પરીક્ષા અંતર્ગત જ ભરવામાં આવે તેવી માગ .4000થી વધુ ખાલી જગ્યાઓ ભરવા માટે ભરતી જાહેરાત તાત્કાલિક જાહેર કરવી પ્રાથમિક વિભાગમાં જેમ કે કચ્છમાં ભરતી કરવામાં આવે તેમજ માધ્યમિક ઉચ્ચતર માધ્યમિકમાં પણ કરવામાં આવે આશ્રમશાળાની 2023ની અટકેલી ભરતી પ્રક્રિયા પુનઃ શરૂ કરવી વિષય શિક્ષકોની તાત્કાલિક નિમણૂક ન થાય તો વિદ્યાર્થીઓના શિક્ષણ પર ગંભીર અસર થવાની ચિંતા ઉમેદવારોનું કહેવું છે કે, 'લાખો વિદ્યાર્થીઓના ભવિષ્યનો પ્રશ્ન છે. TAT પાસ યુવાનો લાંબા સમયથી રાહ જોયા કરે છે, હવે સરકાર ત્વરિત નિર્ણય લે.'



ખાતર ન મળતો હોવાથી ખેડૂતોને ભારે હાલાકી

# થરાદમાં યુરિયા ખાતર માટે ખેડૂતોની લાંબી લાઈનો લાગી

• રાજેશ જોષી : વાવ-થરાદ

થરાદ પંથકમાં રવિ સિઝનના પાક માટે યુરિયા ખાતરની અછત સર્જાઈ છે. ખેડૂતોને ખાતર મેળવવા માટે વહેલી સવારથી લાંબી કતારોમાં ઊભા રહેવું પડે છે, છતાં તેમને પૂરતું ખાતર મળી રહ્યું નથી. ખેડૂતોએ જણાવ્યું હતું કે છેલ્લા પંદર દિવસથી યુરિયા ખાતર માટે ધરમ ધક્કા ખાઈ રહ્યા છે. ઘરના કામ પડતા મૂકીને ખેડૂત પરિવારની મહિલાઓ પણ ખાતર માટે લાઈનમાં ઊભી રહેવા મજબૂર બની છે.

ખેડૂતોના જણાવ્યા અનુસાર, તેઓ સવારે પાંચ વાગ્યાથી ઠંડીમાં ચા-પાણી વગર લાઈનમાં ઊભા રહે છે. હાલ લગભગ ૨૦૦ લોકોની લાંબી કતાર લાગે છે, તેમ છતાં ખાતર પૂરતું મળતું નથી. એક ખેડૂતે જણાવ્યું હતું કે, 'અડધો શિયાળો વીતી ગયા પછી ખાતર શું કામનું? સમયસર જરૂરિયાત મુજબ ખાતર નહીં મળે તો શિયાળુ પાકને મોટું નુકસાન થશે.' ખેડૂતો સરકાર પાસે તાત્કાલિક ખાતર ઉપલબ્ધ કરાવવાની માંગ કરી રહ્યા છે.



### ડભોઇમાં રખડતા કૂતરા, ભૂંડ અને ઢોરનો આતંક યથાવત

# ત્રણ દિવસમાં 20 થી વધુ લોકો કૂતરા કરડવાથી ઘાયલ

• ફકીરા ખત્રી ડભોઈ

: ડભોઇ નગરમાં રખડતા કૂતરા, ભૂંડ અને ઢોરનો ત્રાસ હવે ચિંતાજનક સ્તરે પહોંચી ગયો છે. નવીનગરી, મહેતા પાર્ક, મહુડી ભાગોળ, વસઈવાલા જીન અને સુંદરકુવા જેવા વિસ્તારોમાં રખડતા કૂતરાઓએ આતંક મચાવ્યો છે. માત્ર ત્રણ દિવસના સમયગાળામાં 20 થી વધુ લોકો કૂતરા કરડવાના કારણે સામાન્યથી લઈને ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હોવાના અહેવાલ છે, જેના પગલે સમગ્ર નગરમાં ભયનો માહોલ ફેલાયો છે.મુખ્ય અસરગ્રસ્ત વિસ્તારો: નવીનગરી મહેતા પાર્ક મહુડી ભાગોળ વસઈવાલા જીન સુંદરકુવા ન ગરપાલિકાની કામગીરી પર સવાલ:સ્થાનિકોના જણાવ્યા અનુસાર, ડ ભોઈ નગરપાલિકાએ અગાઉ કૂ તરાઓ પકડવા માટે વડોદરાની એક ટીમને બોલાવી હતી. પરંતુ માત્ર 30 જેટલા કૂતરા પકડીને કામગીરી સંતોષ માનીને બંધ કરી દેવામાં આ વી હતી.ભયાનક આંકડાઓ: આ આંશિક કામગીરીના કારણે આજે પણ નગરમાં અંદાજે:400 થી વધુ ભૂંડ 500 જેટલા કૂતરા 30 0 જેટલા રખડતા ઢોરો રખડી રહ્યા છે, જે રાહદારીઓ, વાહન ચા લ કો અને બજારમાં ખરીદી કરવા જ તી મહિલાઓ માટે ભયનું કારણ બ ન્યા છે. જીવલેણ અકસ્માતોનું



જોખમ:કૂતરાઓના કરડવાથી થતી ઈજાઓ ઉપરાંત, ભૂંડના ઝુંડ અને રખડતા ઢોરોના કારણે વાહન ચાલકો જીવલેણ અકસ્માતોનો ભોગ બની રહ્યા છે. રાત્રિના સમયે કે વહેલી સવારે આ સમસ્યા વધુ વકરી જાય છે.CCTVમાં કેદ ઘટના: તાજેતરમાં, મહુડી ભાગોળ વિસ્તારમાં બા ઈક પર જઈ રહેલા એક યુવાનને કૂ તરાએ પગમાં બચકા ભરી લેવાની સમગ્રઘટનાCCTV કેમેરામાં ક્યાંક કેદ થઈ હતી, જે આ સમસ્યાની ગંભીરતા દર્શાવે છે. કૂતરાઓના ટોળાં બાઈક પર જતા લોકો, અવરજવર કરતા નાગરિકો અને શાકભાજીની ખરીદી કરવા જતા લોકોને નિશાન બનાવી રહ્યા છે. વહીવટની દિશાવિહીનતા: ત્રણ માસ અગાઉ ડભોઈ પાલિકાના અધિકારીઓએ રખડતા ઢોરો અને કૂતરા પકડવાની કામગીરી અવિરતપણે ચાલુ રહેશે તેવું નિવેદન આપ્યું હતું. પરંતુ એકવાર કામગીરી કર્યા બાદ બધું ઠારે પડી ગયું છે. સુપ્રીમ કોર્ટના સ્પષ્ટ આદેશોની પણ ધરાર અવગણના થઈ રહી છે, ડભોઈ નગરપાલિકા ક્યારે જાગૃત થશે અને આ જીવલેણ ત્રાસમાંથી નગરજનોને મુક્તિ અપાવશે, તે જોવું રહ્યું.

### ડભોઇ તાલુકાના મેનપુરા ખાતે યુનિટી માર્ચમાં ગુજરાત રાજ્ય ના ડેપ્યુટી CM હર્ષ સંઘવી

# કોંગ્રેસ પર 'સરદાર સાહેબની ગાથા દબાવવાનું' ષડયંત્ર રચવાનો આક્ષેપ

## કાર્યક્રમમાં ગામના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા

• ફકીરા ખત્રી ડભોઈ

૧૫ કિમી ચાલીને પહોંચ્યા રાજય ના ડેપ્યુટી CM હર્ષ સંઘવી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જયંતી નિમિત્તે કરમસદથી કેવડિયા સુધી યોજાઈ રહેલી યુનિટી માર્ચ ડભોઇ તાલુકાના મેનપુરા ખાતે આવી પહોંચી. આ યાત્રામાં ગુજરાતના ઉપમુખ્યમંત્રી હર્ષ સંઘવી જોડાયા હતા અને તેમણે ૧૫ કિલોમીટર ચાલીને મેનપુરા સુધીની સફર પૂરી કરી હતી. જાહેર સભાને સંબોધન: કોંગ્રેસ પર આકરા પ્રહાર મેનપુરા ખાતે ડેપ્યુટી CM હર્ષ સંઘવીએ જાહેર સભાને સંબોધન કર્યું હતું. તેમણે કોંગ્રેસ પર આકરા પ્રહાર કરતા મોટો આક્ષેપ કર્યો હતો કે:'દેશને એક કરનાર સરદાર સાહેબની ગાથા લોકો સુધી ન પહોંચે તેવું મોટું ષડયંત્ર કોંગ્રેસે રચ્યું હતું. કોંગ્રેસના રાજમાં સરદાર સાહેબના વિચારોને દબાવી દેવાનું મોટું ષડયંત્ર રચાયું હોવાનો' આક્ષેપ તેમણે કર્યો હતો.તેમણે ઉમેર્યું કે જ્યાં જ્યાંથી આ યાત્રા નીકળી છે, તે ગામોના નામ



ઈતિહાસમાં નોંધાશે.એક ભારત શ્રેષ્ઠ ભારત: સરદાર સાહેબના વિચાર હર્ષ સંઘવીએ *'એક ભારત શ્રેષ્ઠ ભારત'*ના ઘડવૈયા સરદાર સાહેબના વિચારોને જન જન સુધી પહોંચાડવાના આશય સાથે નીકળેલી યુનિટી માર્ચ યાત્રામાં જોડાવા બદલ આનંદ વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું કે:દેશના નાના-મોટા તમામ વર્ગના દેશવાસીઓને આ યાત્રાથી સરદાર સાહેબના વિચાર પહોંચ્યા છે. સરદાર સાહેબના જીવન કવનમાંથી દરેકને સાચી દિશા અને રસ્તો જડે છે. યાત્રાની વિગતો પ્રારંભ: ૨૭ નવેમ્બર વિ રામ: ૬ ડિસેમ્બર, કેવડિયા ખાતે ઉદ્દેશ: સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જયંતી નિમિત્તે તેમના વિચારોને લોકો સુધી પહોંચાડવાનો. ઉપસ્થિત મહાનુભાવોઆ પ્રસંગે ગુજરાતના ઉપમુખ્યમંત્રી હર્ષ સંઘવીની સાથે કાશ્મીરના રાજ્યપાલ મનોજ સિંહા, અર્જુનભાઈ મોરવાડિયા, પ્રદિપસિંહ જાડેજા તથા ભાજપના અન્ય મોટા નેતાઓ પણ જોડાયા હતા. આ કાર્યક્રમમાં ગામના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### ૭૬ બાળ કલાકારોએ ચિત્ર, સંગીત અને સાહિત્યની વિવિધ સ્પર્ધાઓમાં ઉત્સાહભરી

# ગરવી ગુજરાત થીમ હેઠળ પોરબંદર તાલુકા કક્ષાનો ભવ્ય કલા ઉત્સવ યોજાયો

**ભાગીદારી** કાર્યક્રમના અંતે તમામ ઉપસ્થિત મહેમાનો અને વિદ્યાર્થીઓ માટે ભોજનની વ્યવસ્થા રાખવામાં આવી હતી

• વિરમભાઈ કે. આગઠ

ગાંધીનગર તથા શ્રી રામબા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન પોરબંદર પ્રેરિત તેમજ બી.આર.સી. ભવન પોરબંદર અને તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરીના સંયુક્ત આશ્રય હેઠળ "ગરવી ગુજરાત" થીમ આધારિત પોરબંદર તાલુકા કક્ષાનો કલા ઉત્સવ-૨૦૨૫ ડિવાઈન પબ્લિક સ્કૂલ, બોખીરા ખાતે ધામધૂમપૂર્વક યોજાયો હતો. પોરબંદર તાલુકાના કુલ ૭૬ બાળ કલાકારોએ ચિત્ર સ્પર્ધા, બાળ કવિ, સંગીત ગાયન અને સંગીત વાદન જેવી ચાર મુખ્ય સ્પર્ધાઓમાં ઉત્સાહભરી ભાગીદારી નોંધાવી હતી. તમામ બાળકોને શિલ્ડ અને પ્રમાણપત્ર એનાયત કરાયા હતા, જ્યારે દરેક સ્પર્ધામાં પ્રથમ ત્રણ સ્થાને આવેલા વિજેતાઓને રોકડ પુરસ્કાર આપવામાં આવ્યા હતા. કાર્યક્રમની સફળતા માટે યોગદાન આપનાર તમામ નિર્ણાયકો અને બ્લોક પોરબંદર ટીમને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતે તમામ ઉપસ્થિત મહેમાનો અને વિદ્યાર્થીઓ માટે ભોજનની વ્યવસ્થા રાખવામાં આવી હતી. બાળ કલાકારોને આપવામાં આવેલી શિલ્ડ પોરબંદર તાલુકા શિક્ષક સહકારી મંડળી દ્વારા પ્રદાન કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સી.આર.સી. કો. અશોકભાઈ બથવાર દ્વારા કરવામાં આવ્યું હતું, જ્યારે આર.જે. મિલનભાઈએ વિદ્યાર્થીઓને મનોરંજન સાથે માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમ માટે ડિવાઈન પબ્લિક સ્કૂલ ફાળવવા બદલ સી.આર.સી. હરેશભાઈ અને આચાર્ય દિપેનભાઈ ઓડેદરાનો આભાર વ્યક્ત કરાયો હતો. કાર્યક્રમને સફળ બનાવવા તાલુકા લાયઝન ડો. રામચંદ્ર મહેતા, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી વેજાભાઈ કોડિયાતર, બી.આર.સી. કો. ઓર્ડિનેટર પરેશકુમાર ડી. પુરુષવાણી, સી.આર.સી. અને બ્લોક ટીમ પોરબંદર દ્વારા મહત્વપૂર્ણ યોગદાન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે પોરબંદર જિલ્લા શિક્ષણાધિકારી વી. કે. પરમાર, કમલાબાગ પોલીસ સ્ટેશનના પી.આઈ. આર.સી. કાનમિયા, રેડિયો જોકી મિલનભાઈ પાણખાણિયા, કેળવણી નિરીક્ષકો વત્સલભાઈ, મુળુભાઈ, ચમ મેમોરિયલ સ્કૂલના ડિરેક્ટર કમલભાઈ પાઉં, હિરેનભાઈ પાઉં, તેમજ સુનયનાબેન ડોગરા, હિનાબેન મેઘનાથી, હેતલબેન લાખાણી, મહિલા કાઉન્સિલર હેતલબેન પંડ્યા, 181 મહિલા ટીમ કાઉન્સિલર નિરુપાબેન બાબરીયા, મહિલા કોન્સ્ટેબલ કિરણબેન ચાવડા સહિતના માનનીય મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનો દ્વારા બાળ કલાકારોને પ્રોત્સાહિત કરી તેમના સર્જનાત્મક પ્રયત્નોની પ્રશંસા કરવામાં આવી હતી.



# કેશોદમાં શ્રીવૈશ સુથાર જ્ઞાતી સમાજ દ્વારા વિવિધ કાર્યક્રમો યોજાયા

## શ્રીવૈશ સુથાર જ્ઞાતી સમાજ તથા આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા



• અમદાવાદ

માળા પહેરામણી મનોરથ યજ્ઞોપવીત સંસ્કાર તેજસ્વી વિદ્યાર્થીઓના સન્માન સાથે 33માં સમુહ લગ્ન સહીતનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં શ્રીવૈશ સુથાર જ્ઞાતી સમાજ તથા આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા કેશોદના વેરાવળ રોડ નજીક સ્વામીનારાયણ નગરમાં શ્રીવૈશ સુથાર જ્ઞાતી સમાજ દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં માળા પહેરામણી મનોરથ યજ્ઞોપવીત સંસ્કાર તેજસ્વી વિદ્યાર્થીઓના સન્માન સાથે 33માં સમુહ લગ્ન સહીતનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં શ્રીવૈશ સુથાર જ્ઞાતી સમાજ તથા આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા સુત્રેજ મઢપતી ભુવા આતાશ્રી જયંતીભાઈ કાંટેલીયાએ નવ દંપતીઓને આશિર્વાદ પાઠવ્યા હતા ત્રિદિવસીય કાર્યક્રમોમાં શ્રીવૈશ સુથાર જ્ઞાતી સમાજ આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા શ્રીવૈશ સુથાર જ્ઞાતી સમાજના આ કાર્યને વધાવવા બહેનો દ્વારા ભોજન પીરસવામાં આવ્યું હતું જેમાં દરેક ભોજનારથીઓને ભોજન પીરસતા સમયે જય માતાજી બોલી ભોજનને સાચા અર્થમાં માં અન્ન પુર્ણાની પ્રસાદીરૂપ બધાએ લાભ લીધો હતો અન્નનો બગાડ ન થાય તેવો સમિતી દ્વારા ખાસ કાળજી રાખવામાં આવી હતી દર વર્ષે વિવિધ કાર્યક્રમોના થતાં આયોજનમાં તન મન ધનથી સાથ સહકાર આપનાર તમામ જ્ઞાતીજનોનો સમીતી દ્વારા આભાર વ્યક્ત કરવા સાથે દાતાઓ તથા આમંત્રિત મહેમાનોનું સન્માન કરવામાં આવ્યું હતું

# ડભોઇ નગરપાલિકાની બેદરકારી:મહુડી ભાગોળમાં પીવાના પાણીની લાઇનમાં ફરી ભંગાણ

## હજારો ગેલન પાણીનો વેડફાટ



• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઇ નગરપાલિકાની ઘોર બેદરકારીના કારણે મહુડી ભાગોળ વિસ્તારમાં પીવાના પાણીની મુખ્ય લાઈનમાં ફરી એકવાર મોટું ભંગાણ સર્જાયું છે. જેના પરિણામે હજારો ગેલન શુદ્ધ પીવાનું પાણી રોડ પર બેફામ રીતે વહી રહ્યું છે, જેના કારણે વિસ્તારમાં ચોમાસા જેવી સ્થિતિ સર્જાઈ છે.લાંબા સમયથી ચાલી રહેલા રોડના કામ દરમિયાન બની ઘટના મળતી માહિતી મુજબ, મહુડી ભાગોળ વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી રોડનું કામ ચાલી રહ્યું છે. આ કામગીરી દરમિયાન જ આજે સવારે પીવાના પાણીની પાઈપલાઈનમાં મોટું ભંગાણ પડતાં લાખો લિટર પાણીનો બગાડ થઈ રહ્યો છે. આટલી મોટી માત્રામાં પાણી રસ્તા પર વહી જતાં રાહદારીઓ અને સ્થાનિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

બેદરકારીનું પુનરાવર્તન: અગાઉના રિપેરિંગ બાદ પણ ફરી લિકેજ સૌથી ગંભીર બાબત એ છે કે, ડભોઇ નગરપાલિકા દ્વારા આ જ જગ્યાએ અગાઉ પણ રિપેરિંગ કામગીરી કરવામાં આવી હતી. તેમ છતાં આજે સવારે ફરીથી લાઇનમાં ભંગાણ સર્જાતાં નગરપાલિકાની કામગીરીની ગુણવત્તા અને દેખરેખ સામે ગંભીર સવાલો ઉભા થયા છે.એક તરફ પાણીની અછત, બીજી તરફ વેડફાટ જ્યાં એક તરફ ડભોઈના અમુક વિસ્તારોમાં આજે પણ લોકોને પીવાના પાણી માટે વલખાં મારવા પડી રહ્યા છે, તેવા સમયે નગરપાલિકાની બેદરકારીના કારણે મહુડી ભાગોળ વિસ્તારમાં હજારો લિટર શુદ્ધ પાણીનો વેડફાટ થવો એ અત્યંત ચિંતાજનક બાબત છે. પાણી બચાવવાના સરકારી અભિયાન સામે નગરપાલિકાની આવી બેદરકારી સ્થાનિકોમાં ઉગ્ર રોષ પેદા કરી રહી છે. સ્થાનિકોની માંગ:સ્થાનિક રહીશોએ તાત્કાલિક ધોરણે આ ભંગાણનું રિપેરિંગ કરવા અને જવાબદાર અધિકારીઓ સામે પગલાં લેવાની માંગ કરી છે, જેથી આ કિંમતી જળ સંપત્તિનો બગાડ અટકાવી શકાય.

ડભોઈ નગરપાલિકા આ મામલે ક્યારે પગલાં લે છે અને આ સમસ્યાનો કાયમી ઉકેલ લાવે છે, તે જોવું રહ્યું.

### હપ્તો આપીએ છીએ કેમ ન ભરીએ પેસેન્જર : ડ્રાઈવર

# વાવમાં કાયદા ને નેવે મૂકી ચાલતા ગાડીઓ વાળા સામે વાવ પોલીસને કાર્યવાહી કરવામાં કયો ગ્રહ નડે છે?

• રાજેશ જોષી : વાવ-થરાદ

વાવ-થરાદ જિલ્લાના વાવમાં પોલીસને પડકાર ફેંકતા વાહન ચાલકો જેઓ લોડિંગ ગાડીઓમાં પણ પેસેન્જર ભરીને પોલીસની નઝર સામેથી નીકળતા હોવા છતાં પોલીસ કોઈપણ પ્રકારની કાર્યવાહી ન કરતી હોઈ પોલીસ સામે અનેક સવાલો ઉભા થયા છે.


વાવમાં ફરતી પેસેન્જર ગાડીઓ તેમજ લોડિંગ ગાડીઓ લોકોના જીવ જોખમમાં મુકાય તે રીતે પેસેન્જરો ભરી ને નીકળે છે અને પોલીસ ઉભી હોય તો પોલીસની નઝર સામેથી ગાડીઓ ભરાઈ ને નીકળે છે એટલું જ નહીં પણ પોલીસ સ્ટેશન આગળથી જ એટલા પેસેન્જર ભરી ને નીકળે છે કે જો જોરથી બ્રેક મારે તો પણ લોકોના જીવ જોખમમાં મુકાય તેમ છે તેમ છતાં પોલીસ આંખ આડા કાન કરી રહી છે જોકે હાલમાં પોલીસ દ્વારા દારૂના કેશ કરવા માટે ઉડદોડ કરવામાં આવી રહી છે અને જાણવા મળ્યા મુજબ હાલમાં દારૂના હપ્તા પણ બંધ છે પરંતુ આ વાહનો સામે કોઈ કાર્યવાહી ન કરાતા અનેક સવાલો ઉભા થઈ રહ્યા છે. એક ગાડી ચાલકને પૂછતાં તેણે જણાવ્યું હતું કે અમે વાવ પોલીસ ને ૫૦૦ રૂપિયાનો હપ્તો આપીએછીએ અમારી ગાડી ક્યાંથી રોકાવે? તેથી એવું સાબિત થઈ રહ્યું છે કે પોલીસ પોતાના સ્વાર્થ માટે બીજાના જીવ જોખમમાં મુકાય તો પણ ચલાવી લે છે. વાવ-થરાદ જિલ્લો બન્યા પછી થરાદમાં નવા જિલ્લા પોલીસ અધિક્ષક મળ્યા છે અને ત્યારબાદ દારૂના હપ્તા બંધ હોવાનું જાણવા મળ્યું હતું પરંતુ વાવમાં પેસેન્જર ગાડીઓ વાળાને તો જાણે છૂટ મળી હોય ને કે તમારે જેટલા પેસેન્જર ભરવા હોય એ ભરો બાકી અમને પૈસા આપો તેવું સાબિત થઈ રહ્યું છે જોકે દારૂના હપ્તા બંધ હોય તો પેસેન્જર ગાડીઓના કેમ નહીં?



સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 42311.76 કરોડનાં કામકાજઃ બુલિયન ઇન્ડેક્સ બુલડેક્સ વાયદો 31245 પોઇન્ટના સ્તરે

# ચાંદીનો વાયદો રૂ.1.79 લાખના ઓલ ટાઇમ હાઇ સ્તરેઃ સોનાના વાયદામાં રૂ.1452નો જંગી ઉછાળો

## ક્રૂડ તેલના વાયદામાં રૂ.2નો મામૂલી ઘટાડોઃ કોમોડિટી વાયદાઓમાં રૂ.48725.74 કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.104546.69 કરોડનું ટર્નઓવર




મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.153292.68 કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.48725.74 કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.104546.69 કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. ઈન્ડેક્સ વાયદાઓમાં રૂ.20.15 કરોડ અને ઈન્ડેક્સ ઓપ્શન્સમાં રૂ..1 કરોડનાં કામકાજ થયાં હતાં. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ડિસેમ્બર વાયદો 31245 પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.2472.05 કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 42311.76 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો 10 ગ્રામદીઠ રૂ.129999ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.131260 અને નીચામાં રૂ.129900ના મથાળે અથડાઈ, રૂ.129504ના આગલા બંધ સામે રૂ.1452ના ઉછાળા સાથે રૂ.130956ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની ડિસેમ્બર વાયદો 8 ગ્રામદીઠ રૂ.1288 ઊછળી રૂ.104508 થયો હતો. ગોલ્ડ-પેટલ ડિસેમ્બર વાયદો 1 ગ્રામદીઠ રૂ.174 વધી રૂ.13119ના ભાવે બોલાયો હતો. સોનું-મિની જાન્યુઆરી વાયદો 10 ગ્રામદીઠ રૂ.1548ની તેજી સાથે રૂ.129852 થયો હતો. ગોલ્ડ-ટેન ડિસેમ્બર વાયદો 10 ગ્રામદીઠ રૂ.128947ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.130296 અને નીચામાં રૂ.128885ના મથાળે અથડાઈ, રૂ.128415ના આગલા બંધ સામે રૂ.1615ના ઉછાળા સાથે રૂ.130030 થયો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.177858ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.179783ના ઓલ ટાઈમ હાઈ અને નીચામાં રૂ.175867ના સ્તરને સ્પર્શી, રૂ.174981ના આગલા બંધ સામે રૂ.4031ના ઉછાળા સાથે રૂ.179012 થયો હતો. કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.4348 ઊછળી રૂ.179720ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.4295ની તેજી સાથે રૂ.179715ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ. 1993.02 કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું ડિસેમ્બર વાયદો રૂ.8.5 વધી રૂ.1044.9ના સ્તરે પહોંચ્યો હતો. જસત ડિસેમ્બર વાયદો રૂ.2 વધી રૂ.305.15ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ ડિસેમ્બર વાયદો રૂ.1.9 વધી રૂ.274.95ના સ્તરે પહોંચ્યો હતો. સીસું ડિસેમ્બર વાયદો 5 પૈસા વધી રૂ.181.75 થયો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ. 3994.61 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ડિસેમ્બર વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.3770ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.3888 અને નીચામાં રૂ.3703ના સ્તરને સ્પર્શી, રૂ.248 વધી રૂ.3847ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ ડિસેમ્બર વાયદો બેરલદીઠ રૂ.5366ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.5392 અને નીચામાં રૂ.5305ના મથાળે અથડાઈ, રૂ.5324ના આગલા બંધ સામે રૂ.2 ઘટી રૂ.5322 થયો હતો. ક્રૂડ તેલ-મિની ડિસેમ્બર વાયદો રૂ.1 ઘટી રૂ.5323 થયો હતો. નેચરલ ગેસ ડિસેમ્બર વાયદો એમએમબીટીયુદીઠ રૂ.3.8 વધી રૂ.429.5ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ-મિની ડિસેમ્બર વાયદો રૂ.3.8 વધી રૂ.429.5ના સ્તરે પહોંચ્યો હતો

# વાડજના વ્યાસવાડી પાસે યુવકના માથામાં સોડા બોટલ મારતા લોહીની ધાર

### અસામાજિક તત્વોની ઓળખ કરીને તેમની ધરપકડ કરવાની તજવીજ હાથ ધરી છે




• અમદાવાદ

અમદાવાદ શહેરના વ્યાસવાડી પાસે આવેલા પાન પાર્લર પર અસામાજિક તત્વોએ ગ્રાહક સાથે ઝઘડો કરીને હુમલો કરી દીધો હતો. આ ઘટનામાં ચિરાગ મુંધવા નામનો ગ્રાહક કાચની બોટલ વાગવાથી ગંભીર રીતે ઘાયલ થયો છે.

આ ઘટના પાનના પાર્લરમાં લાગેલા CCTV કેમેરામાં કેદ થઈ ગઈ હતી. વાડજ પોલીસે સમગ્ર મામલે ચાર શખસ સામે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે. વાડજના વ્યાસવાડી ચાર રસ્તા પાસે આવેલા લાલશોટ પાન પાર્લરમાં કેટલાક અસામાજિક તત્વોએ આવીને હાજર એક ગ્રાહક સાથે બબાલ શરૂ કરી હતી. આ દરમિયાન ઉગ્ર બોલાચાલી એટલી હદે વધી ગઈ કે આ અસામાજિક તત્વોએ પાન પાર્લરમાં આતંક મચાવીને તોડફોડ શરૂ કરી દીધી હતી. અસામાજિક તત્વોએ પાન પાર્લરના ફ્રીજના કાચ તોડી નાખ્યા હતા. હુમલા દરમિયાન આ ચિરાગ મુંધવા નામના ગ્રાહકને કાચની બોટલ માથામાં મારતા તે ઘાયલ થયો હતો. આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ ફેલાઈ ગયો હતો. પાન પાર્લરમાં થયેલી આ ગુંડાગીરીની સમગ્ર ઘટના દુકાનમાં લાગેલા CCTV કેમેરામાં કેદ થઈ ગઈ છે. પાન પાર્લરના માલિકે આ અંગે વાડજ પોલીસ સ્ટેશનમાં ચાર અસામાજિક તત્વો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલીસે CCTV ફૂટેજના આધારે આ અસામાજિક તત્વોની ઓળખ કરીને તેમની ધરપકડ કરવાની તજવીજ હાથ ધરી છે.

### પોલીસ દ્વારા એસજી હાઈવે પરના CCTV ફૂટેજ તપાસવામાં આવી રહ્યા છે

# અમદાવાદ : SG હાઈવે પર હિટ એન્ડ રન : યુવકનું મોત નીપજ્યું




• અમદાવાદ

અમદાવાદના એસજી હાઈવે પર વધુ એક હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે. આજે (1 ડિસેમ્બર) વહેલી સવારે ગાંધીનગરથી નોકરી જવા બાઈક પર નીકળેલા કથન ખરચર નામના યુવકને અજાણ્યા વાહનચાલકે નિરમા યુનિવર્સિટી પાસે ટક્કર મારી હતી. યુવકને ટક્કર વાગતા ઘટનાસ્થળે જ મોત થયું છે. એસજી 1 ટ્રાફિક-પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. મળતી માહિતી મુજબ, કથન ખરચર નામનો 21 વર્ષીય યુવક ગાંધીનગર ખાતે પોતાના મામાના ઘરે રહે છે. કથન YMCA પાસે આવેલી ખાનગી કંપનીમાં નોકરી કરે છે. કથન રોજની જેમ આજે(1 ડિસેમ્બર) વહેલી સવારે ગાંધીનગરથી બાઈક પર પોતાની ઓફિસ જવા નીકળ્યો હતો. નિરમા યુનિવર્સિટી પાસે પહોંચતાં સવારે 6:30 વાગ્યાની આસપાસ કથનને અજાણ્યા વાહનચાલકે ટક્કર મારી હતી. એને લીધે કથન ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો જેથી તેનું ઘટનાસ્થળે મોત થયું હતું. આ ઘટનાની જાણ થતાં જ ટ્રાફિક-પોલીસ અને મૃતક યુવકનાં પરિવારજનો સ્થળ પર પહોંચ્યાં હતા. યુવાન દીકરાનું મોત થતાં પરિવારજનો હૈયાફાટ રુદન કરી રહ્યાં હતાં. ટ્રાફિક-પોલીસે અકસ્માત સર્જનાર અજાણ્યા વાહનચાલકને શોધી કાઢવા CCTV ફૂટેજમાં આધારે વધુ તપાસ શરૂ કરી છે. એસજી 1 ટ્રાફિક-પોલીસ સ્ટેશનના PI આર.વી વીછીએ જણાવ્યું હતું કે અકસ્માત કરીને અજાણ્યો વાહનચાલક નાસી ગયો છે. પોલીસ દ્વારા એસજી હાઈવે પરના CCTV ફૂટેજ તપાસવામાં આવી રહ્યા છે.

### ભામાશા બલવંતસિંહ રાજપૂતે રૂપિયા પાંચ લાખ દાનની જાહેરાત પણ કરી

# ધારાસભ્ય બલવંતસિંહ રાજપૂતના અધ્યક્ષસ્થાને યોજાયેલ બાવન વાંટા રાજપુત યુવા સંગઠન આયોજિત સમૂહ લગ્નમાં બાવન કન્યાઓ લગ્નગ્રંથિથી જોડાઈ

• વડગામ

બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના મજાદર ગામે બાવન વાંટા રાજપૂત યુવા સંગઠન આયોજીત સમુહ લગ્નોત્સવ- ૨૦૨૫' ના વડપણ હેઠળ બાવન નવયુગલોનો સમૂહલગ્ન મહોત્સવ યુવા સંગઠનના પ્રમુખ ભરતસિંહજી સોલંકી અને તેમની યુવા ટીમ તથા પુર્વ કેબિનેટ મંત્રી અને સિધ્ધપુરના ધારાસભ્ય બલવંતસિંહજી રાજપૂતના અધ્યક્ષસ્થાને યોજાયો.યુવા સંગઠનના પ્રમુખ ભરતસિંહ સોલંકી તમામ નવયુગલોને સફળ, સમૃદ્ધ અને નિરોગી દામ્પત્યજીવન બક્ષી સદાય ઉન્નતિના શિખરો સર કરવા માટે દિવ્ય શક્તિ પ્રદાન કરજો તેવી મા ભગવતીને પ્રાર્થના સહ અનંત અને અસીમ આશિર્વાદ સહ શુભેચ્છાઓ સહ શુભકામનાઓ પાઠવી. તેમનીદીર્ઘદ્રષ્ટિ,કુનેહઅનેસમગ્રયુવાટીમ,સમાજના૨૫૦જેટલા પોલીસ કર્મચારીઓ, ફોજી ભાઈઓ તથા શિક્ષકો તેમજ અનુભવી સરકારી કર્મચારીઓ અને યુવાનોની સુઝબુઝ અને સિધ્ધપુરના ધારાસભ્યબલવંતસિંહજીરાજપૂતનીસલાહસૂચનઅનેમાર્ગદર્શન નીચે સુપેરે અદભુત આયોજન વચ્ચે પાર્કિંગ વ્યવસ્થા , ચા પાણી અને ભોજન વ્યવસ્થા, બેઠક વ્યવસ્થા,જાન તથા વરરાજા, કન્યાના ઉતારા વ્યવસ્થા, મંગલમય પરિણય માટે ચોરી વ્યવસ્થા, સુશોભિત બેનમૂન સીસી કેમેરાથી સજ્જ મંડપ ડેકોરેશન અને સિક્યોરિટીની વ્યવસ્થા ઉડીને આંખે વળગે એવી રીતે કરવામાં આવ્યું હતું. સમાજના પોલીસ કર્મચારીઓ સખત મહેનત કરી ભોજન વ્યવસ્થા અને પાર્કિંગ વ્યવસ્થા અને સિક્યોરિટી વ્યવસ્થા નુ બહુ સરસ અને ઉમદા કાર્ય કરી બતાવ્યું હતું. એક બહેનની સોનાની ચેઈનસ્નેચિંગ થતાં પોલીસની કાબીલેદાદ કામગીરીથી ગણતરીની મિનિટોમાં ચેઈન અને ચોર ઝડપી લઈ ચોરને જેલ હવાલે કરાયો હતો દાનની સરવાણી વહેવડાવનાર સમાજના દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

સમારંભ અધ્યક્ષ સિધ્ધપુરના ધારાસભ્ય અને પુર્વ કેબિનેટ મંત્રી બલવંતસિંહજી રાજપૂતે પોતાના વ્યક્તવ્યમાં સમુહ લગ્નોત્સવને પ્રોત્સાહન આપવા અનુરોધ કર્યો હતો તેમણે જણાવ્યું કે સમૂહલગ્નથી સમય અને નાણાંની બચત થશે તે નાણાં પરિવારો તેમના સંતાનોના શિક્ષણ માટે કે ઉત્થાન માટે વાપરી નવી દીશામાં પ્રયાણ કરી હાઈફાઈ યુક્ત જમાનામાં કદમ સાથે કદમ મિલાવવા માટે ફાયદાકારક થશે તેમજ સામાજિક એકતા વધશે તેઓએ આગામી સમુહલગ્ન માટે રૂપિયા પાંચ લાખ દાનની જાહેરાત કરી પોતાનો મૂળ ભામાશા સ્વભાવ પ્રગટ કર્યો હતો . સમાજના દાનવીરોએ પણ આગામી સમૂહ લગ્ન માટે રૂપિયા એકવીસ લાખ દાનની જાહેરાત કરી હતી. ઉલ્લેખનીય છે કે ધારાસભ્ય બલવંતસિંહ રાજપુત છેલ્લા ૨૫ વર્ષથી તમામ સમાજના લોકોને સમૂહ લગ્ન કરવા પ્રોત્સાહિત કરી રહ્યા છે તેમજ તમામ સમાજના લોકોને સમૂહ લગ્ન યોજવા આર્થિક સહયોગ પણ કરી રહ્યા છે

## રાશીફળ (તા.02-12-2025)

| | |
|---|---|
| મેષ (અ.લ.ઇ) | આજે નવા અવસરો મળશે. તમારો આત્મવિશ્વાસ વધશે અને અટકેલા કામ પૂરા થશે. ક્યાંકથી શુભ સમાચાર મળી શકે છે. |
| વૃષભ (બ.વ.ઉ) | પરિવારમાં સુમેળ રહેશે. ધનલાભના યોગ છે. કોઈ નવા કાર્યની શરૂઆત માટે સમય ઉત્તમ છે. |
| મિથુન (ક.છ.ઘ) | તમારો સંવાદ કૌશલ્ય સહાયરૂપ બનશે. કાર્યક્ષેત્રમાં તમારી યોજનાઓ સફળ થશે. મિત્રો તરફથી સહકાર મળશે. |
| કર્ક (ડ.હ) | ઘર-પરિવારમાં શાંતિ રહેશે. ભાવુક નિર્ણય લેવાનું ટાળો. આરોગ્યનું ધ્યાન રાખો. |
| સિંહ (મ.ટ) | આજે તમારું વ્યક્તિત્વ આકર્ષક રહેશે. નોકરી તથા વ્યવસાયમાં પ્રગતિના સંકેત છે. કોઈ જૂના કામથી લાભ મળી શકે છે. |
| કન્યા (પ.ઠ.ણ) | કાર્યક્ષેત્રમાં સાવધાની રાખો. અનાવશ્યક ખર્ચથી બચો. કોઈ સલાહકારની મદદથી લાભ થશે. |
| તુલા (ર.ત) | માન-સન્માન વધશે. ભાગીદારીમાં કામ કરવાથી લાભ મળશે. પ્રેમ સંબંધોમાં મધુરતા રહેશે. |
| વૃશ્ચિક (ન.ય) | આજે ગુપ્ત કામોમાં સાવધાની રાખો. કોઈ નવા પ્રોજેક્ટની શરૂઆત ટાળો. પરિવાર તરફથી સહકાર મળશે. |
| ધન (ભ.ધ.ફ.ઢ) | મુસાફરીના યોગ છે. પ્રગતિના નવા અવસર મળી શકે છે. વિવાદોથી દૂર રહો. |
| મકર (ખ.જ) | આર્થિક સ્થિતિ મજબૂત બનશે. મહેનતનું ફળ મળશે. પરિવાર સાથે સારું સમય પસાર થશે. |
| કુંભ (ગ.શ.સ.ષ) | આજે તમારો મન સર્જનાત્મક કાર્યોમાં લાગશે. અચાનક ધનલાભ શક્ય છે. સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠા વધશે. |
| મીન (દ.ચ.ઝ.થ) | આજે ચિંતા ઓછી થશે. કામકાજમાં ઝડપ આવશે. પ્રેમ અને પરિવારિક જીવન સુખદ રહેશે. |

# ડ્રગ્સની ઝૂઠી વાર્તા ગૂંથનાર AAPનું ઘર જ દારૂ કાંડમાં ગરકાવ!

### ચૈત્ર વસાવાના આક્ષેપો પાયા વિહોણા; પહેલા પોતાનું ઘર સંભાળે AAP!

• ભરૂચ

ડ્રગ્સ અને દારૂ મુદ્દે સરકાર અને પોલીસ પર સતત આક્ષેપોની હારમાળા ગુંથતી આમ આદમી પાર્ટી(AAP)આજે પોતાના જ આગેવાનોના કાંડોમાં ફસાઈ ગઈ છે. પાનોલીની ઈન્ફિનિટી રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ કંપનીને લઈ ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈત્ર વસાવાએ કરેલા આક્ષેપો કંપનીના નવા ડિરેક્ટરો દ્વારા પાયા વિહોણા ગણાવવામાં આવ્યા છે. કંપનીના ડિરેક્ટર અવિનાશ પટેલે જણાવ્યું કે, આ કંપની બેન્ક ઓફ કર્ણાટક પાસેથી અમે કાયદેસર હરાજીમાં ખરીદી છે. જૂના ડ્રગ્સ કેસ સાથે અમારો કોઈ સંબંધ નથી. જ્યારે અન્ય ડિરેક્ટર હસમુખભાઈ ચૈત્ર વસાવા અને AAP પર આરોપ મૂક્યો કે, સરકાર વિરુદ્ધ લડવા મુદ્દા ન હોવાથી ફેબ્રિકેટેડ ન્યૂઝ બનાવી પોલીસ અને સરકારને બદનામ કરવાની કોશિશ કરે છે. AAPનું નૈતિક પાઠફેલ: પોતાના જ આગેવાનો દારૂ કાંડમાં ઝડપાયા એક તરફ AAP જાહેરમાં નૈતિકતા અને સિસ્ટમ સામે લડતની વાત કરે છે, પરંતુ બીજી તરફ તેમના પોતાના જ હોદ્દેદારો દારૂના કૌભાંડમાં ઝડપાઈ રહ્યા છે. AAP જિલ્લા પ્રમુખ (નર્મદા) નિરંજન વસાવાના ભાઈ દારૂ વેચતાં રંગેહાથ ઝડપાયા. ઝઘડિયા તાલુકામાં AAPના એક આગેવાનના ઘરમાંથી 109 દારૂની બોટલો મળી આવી. AAP દ્વારા સરકાર પર કરવામાં આવતા આક્ષેપો વચ્ચે આ ઘટનાઓએ પાર્ટીના નૈતિક હકને સવાલોમાં મૂકી દીધું છે. સરકારની Zero Tolerance નીતિ સામે AAPની ખોટી વાર્તાઓપોલીસે ઓગસ્ટ 2022 માં પાનોલીની ઈન્ફિનિટી કંપનીમાંથી 1383 કરોડનું MD ડ્રગ્સ ઝડપી પાડ્યું હતું. મોટા કૌભાંડ પછી કંપની બેંકના કબજામાં ગઈ અને બેંક ઓફ કર્ણાટક દ્વારા 25 એપ્રિલ 2025ના રોજ હરાજી યોજાઈ. અવિનાશ પટેલ, ઉમંગ પટેલ, ભરત મિસ્ત્રી અને પ્રિયંકા ચૌધરી 13.48 કરોડમાં કંપની ખરીદી અને હાલ અહીં જેન્ટિકા ફાર્મા નામે નવી, કાયદેસર જીવનરક્ષક દવાનો ઉત્પાદન શરૂ કર્યું છે. નવા ડિરેક્ટરોનો આરોપ છે કે, ચૈતર વસાવાએ અધૂરી માહિતી આધારે કંપની ફરી ધમધમતી થઈ, વાળો ખોટો દાવો કરીને ઉદ્યોગકારોની સાખ અને વ્યવસાય પર પ્રત્યક્ષ અસર પહોંચાડવાનો પ્રયાસ કર્યો છે.ચૈત્ર વસાવાના દાવા બૂમરેંગ બનવાના સંજોગો ચૈત્ર વસાવા સરકાર પર નશાબંધી અમલીકરણમાં ઢીલાશ અને હપ્તાખોરીના આક્ષેપો કરે છે, પણ તેમના પોતાના જ નિકટના સાથીઓ ઉમલ્લા અને નર્મદા જિલ્લામાં દારૂ કેસોમાં ઝડપાયા છે. આથી સરકારને ઘેરવાની તેમની રાજકીય કોશિશ હવે તેમના માટે જ બૂમરેંગ સાબિત થવાની સંભાવના જાડી રહી છે.



## હાલોલ તાલુકાના ગ્રામ રક્ષક દળના સભ્યોની આ રજુઆત વિસ્તારમાં ચર્ચાનો વિષય બની

# હાલોલ તાલુકાના ગ્રામ રક્ષક દળની માનદ વેતન વધારો સહિતની ત્રિ-માગણી સાથે કચેરીએ રજુઆત

• હાલોલ

હાલોલ તાલુકાના ગ્રામ રક્ષક દળના સભ્યો અને મહિલા સભ્યો દ્વારા સુરેશભાઈ પરમારની આગેવાની હેઠળ આજે નાયબ કલેકટર તથા પ્રાંત અધિકારી, હાલોલ કચેરી ખાતે એકત્રિત થઈ મહત્વપૂર્ણ લેખિત રજુઆત કરવામાં આવી હતી. રજુઆતમાં જણાવ્યા મુજબ ગ્રામ રક્ષક દળના સભ્યો વર્ષોથી પોલીસ વિભાગ સાથે ખભેખભો મિલાવીને VIP બંદોબસ્ત, કુદરતી આપત્તિ, કોરોના કાળ, વિવિધ ચૂંટણી, ગણપતિ વિસર્જન, હોળી, ધુળેટી, તાજિયા સહિતની તમામ જવાબદાર ફરજોમાં નિષ્ઠાપૂર્વક સેવાઓ આપે છે. તેમ છતાં તેમને દૈનિક માત્ર રૂ. 300 માનદ વેતન અને રૂ. 30 ભાડું ભથ્થું મળી કુલ રૂ. 330 ચૂકવવામાં આવે છે, જે વધતી મોંઘવારી સામે અત્યંત નગણું હોવાનું સભ્યોનું કહેવું છે. યુનિફોર્મ, બૂટ, સ્વેટર જેવી મૂળભૂત સુવિધાઓ વર્ષોથી ન મળવાના મુદ્દે પણ સભ્યોમાં ભારે નારાજગી જોવા મળી હતી. પીએફ, ગ્રેજ્યુટી, આરોગ્ય સુવિધાઓ અને આકસ્મિક વીમા જેવી સુરક્ષા સુવિધાઓથી ગ્રામ રક્ષક દળ વંચિત છે, તેવું પણ આવેદનમાં દર્શાવવામાં આવ્યું છે. વિશેષ રૂપે આવેદનપત્રમાં ઉલ્લેખ કર્યો કે હોમગાર્ડ જવાનોને દૈનિક રૂ. 454 મળે છે.

જ્યારે ગ્રામ રક્ષક દળને ફક્ત રૂ. 330 જ આપવામાં આવે છે. "એક જ તંત્ર હેઠળ કામ છતાં વેતનમાં એવો તફાવત કેમ?" એવો પ્રશ્ન ઉઠાવી સરકાર દ્વારા થયેલા 'અસમાન વેતનભેદ'ને સભ્યોએ તીખી ટીકાનો નિશાન બનાવ્યું હતું. આવેદનપત્રમાં મુખ્ય ત્રણ માંગણીઓ સ્પષ્ટપણે રજૂ કરવામાં આવી હતી–
1. દૈનિક માનદ વેતન તથા ભાડું ભથ્થામાં વધારો
2. યુનિફોર્મ, બૂટ, સ્વેટર વગેરે જરૂરી સાધનોની તાત્કાલિક ઉપલબ્ધી
3. મેડિકલ સુવિધા, પીએફ, ગ્રેજ્યુટી અને આકસ્મિક વીમા જેવી સુરક્ષા સુવિધાઓનો અમલ

આ સાથે હાલોલ તાલુકાના સામાજિક કાર્યકર સુરેશભાઈ પરમાર મારફતે રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સાહેબને પણ આ માંગણીઓ અંગે તારીખ 13/11/2025ના રોજ સ્વર્ણિમ સંકુલ-1, સચિવાલય, ગાંધીનગર ખાતે કુરિયર દ્વારા રજૂઆત મોકલવામાં આવી હોવાનું જાણવા મળે છે. હાલોલ તાલુકાના ગ્રામ રક્ષક દળના સભ્યોની આ રજુઆત વિસ્તારમાં ચર્ચાનો વિષય બની છે.



# લાવા કંપનીના ગેટ સામે હાઈવે ઉપર મોટરસાયકલ ચાલકને ટ્રેક્ટર ચાલકે અડફેટમાં લેતા યુવકનું મોત

• કાલોલ

સાવલી તાલુકાના દીપાપુરા ગામે રહેતા ચેતનકુમાર ગોહિલ દ્વારા કાલોલ પોલીસ મથકે નોંધાવેલ ફરિયાદ ની વિગત મુજબ તેઓના ભત્રીજા ભૂમિષકુમાર દશરથસિંહ ગોહિલ ઉ વ ૨૩ હાલોલ ખાતે જીઆઈડીસી નોકરી કરતા હતા તેઓના ગત સપ્તાહે મોટરસાયકલ લઈને આવતા હતા ત્યારે અલીન્દ્રા ચોકડી પાસે અલીન્દ્રા ચોકડી થી સાવલી તરફ જતા ટ્રેક્ટર ચાલકે પોતાનું ટ્રેક્ટર પુરઝડપે હંકારી મોટરસાયકલને અડફેટમાં લેતા અકસ્માત સર્જાયો હતો અકસ્માત કરી ટ્રેક્ટર લઈને ચાલક ટ્રેક્ટર લઈને નાસી છૂટ્યો હતો જેના પરિણામે ભૂમિષકુમાર ને જમણા હાથની હથેળી અને બાવળા ના ભાગે તેમજ માથામાં જમણી આંખ ઉપર અને જમણા પગના અંગૂઠા પર ગંભીર ઈજાઓ પહોંચી હતી જેથી કાલોલ રેફરલ હોસ્પિટલ ખાતે પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર બાદ માટે વડોદરા એસએસજી હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યા હતા અને આઈસીયુ માં દાખલ કરવામાં આવ્યા હતા. જમણા હાથની હથેળી ફાટી ગઈ હોવાથી તેમજ માથામાં કપાળના ભાગે ચિરાઈ જવાના કારણે ઊંડો ઘા પડી જવાથી વધુ સારવાર માટે વડોદરા ની ખાનગી હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમિયાન તેઓનું મરણ થતાં સમગ્ર પરિવારજનોમાં શોકની લાગણી ફેલાઈ ગઈ હતી બનાવ બાબતે કાલોલ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા ટ્રેક્ટર ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



# સી. બી. ગર્લ્સ હાઈસ્કૂલમાં વિશ્વ એઈડ્સ દિવસ ની ઉજવણી કરવામા આવી.



• કાલોલ

પંચમહાલ જિલ્લા ક્ષય અધિકારી (ડી.ટી.એચ.ઓ )અને દિશા-ડાપકું યુનિટ દાહોદ ના માર્ગદર્શન હેઠળ કાલોલ શ્રીમતી સી. બી. ગર્લ્સ હાઈસ્કૂલમાં વિશ્વ એઈડ્સ દિવસ 1લી ડિસેમ્બરના રોજ સારથી સંસ્થા ગોધરા અને શ્રી કાલોલ કેળવણી પ્રચારક મંડળ દ્વારા ઉજવણી કરવામાં આવી હતી.આ ઉજવણી દરમિયાન સારથી ટી. આઈ સ્ટાફ, શ્રી સી.બી ગર્લ્સ હાઈસ્કૂલ ના ઈ.આચાર્ય નારણભાઈ પી પટેલ, રેફરલ હોસ્પિટલ કાઉન્સેલર પંકજભાઈ ઠાકોર અને 675 વિદ્યાર્થીઓ ની હાજરીમાં એઈડ્સ પ્રતિભાવમાં પરિવર્તન લાવતા અવરોધોને દૂર કરવાની થીમ ઉપર HIV-AIDS ની વિસ્તૃત જાણકારી આપી તેમજ HIV ગ્રસ્ત લોકો ની મદદ અને સંભાળ માટે માર્ગદર્શન આપવામાં આવ્યું .શાળા ની દીકરીઓ દ્વારા AIDS જન-જાગૃતિ નાટક પ્રસ્તુત કરવામાં આવ્યું હતું.

## દેવગઢ બારીયા નગરમાં આવેલ

# ઈરા સ્કુલની વિદ્યાર્થિનીઓએ ગૌરવ વધાર્યું




• દેવગઢ બારીયા

દેવગઢ બારીયા નગરમાં આવેલ ઈરા સ્કુલની વિધાર્થિનીઓ દ્વારા રમત-ગમત , યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગર આયોજિત દાહોદ જીલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી દાહોદ દ્વારા આયોજિત યુવા ઉત્સવ 2025 અંતર્ગત આજ રોજ ગુરુકુળ વિદ્યાલય દાહોદ ખાતે યોજાયેલ વિજ્ઞાન પ્રોજેક્ટ સ્પર્ધામાં જસવંત તડવીના માર્ગદર્શન હેઠળ શાળાની વિદ્યાર્થીનીઓ જેમાં વૃષાલી વિજયકુમાર સિકલીગર અને દેવાંશી હિમાંશુકુમાર સથવારા દ્વારા રજૂ કરેલ કૃતિઓ , ગ્રીન એનર્જી દાહોદ જીલ્લા કક્ષાએ પ્રથમ સ્થાને પસંદગી પામતા ઈરા શાળા પરિવાર તેમને અભિનંદન પાઠવ્યા અને આગામી સમયમાં દાહોદ જીલ્લા વતી પ્રતિનિધિત્વ કરી ઝોન કક્ષાએ ઉત્કૃષ્ઠ દેખાવ કરો એવી શુભેચ્છાઓ

## સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષક ગજેન્દ્રભાઈ પંચોલી કર્યું હતુ

# બોડેલીની શેઠ એચ એચ શિરોલાવાલા હાઈસ્કૂલ, બોડેલી ખાતે જિલ્લા સ્તરીય ગીતા મહોત્સવ યોજાયો

• બોડેલી

ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ, ગુજરાત સરકાર દ્વારા રાજ્યમાં સંસ્કૃતિ, ભારતીય જ્ઞાન પરંપરા અને "શ્રીમદ ભગવદ્રીતા"ના સંવર્ધન માટે વિવિધ યોજનાઓ સંચાલિત થઈ રહી છે આ જ પ્રયાસો અંતર્ગત આજે ગીતા જયંતીના પાવન અવસરે બોડેલીની અગ્રેસર નામાંકિત એવી શેઠ એચ.એચ શિરોલાવાલા હાઈસ્કૂલ ખાતે છોટાઉદેપુર જિલ્લા પ્રશાસન અને છોટાઉદેપુર જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીનાં સંયુક્ત ઉપક્રમે જિલ્લા સ્તરીય ગીતા મહોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. દેશનાં યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનાં "વિરાસત ભી..વિકાસ ભી.." કાર્યક્રમ તેમજ સંસ્કૃત ભાષામાં વિદ્યાર્થીઓને અગ્રેસર કરવાના હેતુ સાથે યોજાયેલ ઉપરોક્ત ગીતા મહોત્સવમાં મુખ્ય વક્તા તરીકે પાવીજેતપુરની એમ.સી રાઠવા આર્ટસ કોલેજ, જેતપુર પાવીના પ્રોફેસર ડૉ. રાજેશ કગરાણા, બોડેલીના પ્રાંત અધિકારી ભૂમિકાબેન રાઓલ, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી આનંદકુમાર પરમાર, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી જશવંતભાઈ પરમાર, બોડેલી તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી શિતલ કુંવરબા મહારાઉલ , જિલ્લા શિક્ષણ નિરીક્ષક કે.બી પાંચાણી, બોડેલી શિરોલાવાલા હાઈસ્કૂલનાં કાયમી ટ્રસ્ટી પ્રમુખશ્રી ભાવેશભાઈ શિરોલાવાલા, બી આર સી કોર્ડીનેટર



શાળાના આચાર્ય સુરેશભાઈ પટેલ તેમજ જિલ્લાની વિવિધ શાળાઓમાંથી આચાર્યો, અને મોટી સંખ્યામાં વિદ્યાર્થી ભાઈ બહેનો ઉપસ્થિત રહ્યા હતા. કર્ણપ્રિય શંખનાદ સાથે દીપ પ્રાગટ્યથી પ્રારંભ કરવામા આવેલ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોનું શ્રીમદ ભગવદ ગીતા અને પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળાના 250 વિદ્યાર્થીઓ દ્વારા ગીતાજીના કંઠસ્થ કરેલા શ્લોકોનું ગાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા શિક્ષણાધિકારી આનંદકુમાર પરમારે સંસ્કારને પેઢી દર પેઢી અને વારસાને આગળ ધપાવી શકે એ સૌની જવાબદારી છે સંસ્કૃત ભાષાને વધારે અને વધારે પ્રોત્સાહન મળે તે માટે સરકાર દ્વારા મૂકવામાં આવેલી યોજનાઓ વિશે તેઓ વિસ્તૃત માહિતી આપી હતી.

સંસ્કૃત સંવર્ધન માટે ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ અને ગુજરાત સરકારની વિવિધ યોજનાઓ વિશે માહિતી આપી જિલ્લાની દરેક શાળાઓ સંસ્કૃતના વિકાસમાં પોતાનો સહયોગ આપે એમ આપશ્રી એ ભારપૂર્વક જણાવ્યું હતું. મુખ્ય વક્તા પ્રોફેસર ડોક્ટર રાજેશભાઈ કગરાણાએ ગીતાના અનેક ઉદાહરણો આપી બાળકોને કૃષ્ણ ભગવાન જીવન કથની , શ્રીમદ્ ભગવદગીતા અને માનવજીવન વિશે વક્તવ્ય આપતા ગીતા આપણને દરેક તબક્કે માર્ગદર્શન પૂરું પાડે છે.

જેથી દરેક વિદ્યાર્થી સાથે દરેક વ્યક્તિએ પણ ગીતાનું પઠન કરી તેનું સતત મનોમંથન કરવાથી કોઈપણ મુશ્કેલીમાં તેનો ઉપાય ગીતાજી માંથી મળે છે તેમ કહી ઉપસ્થિત દરેકને ગીતાજીનુ પઠણ કરવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે બોડેલી તાલુકા પંચાયતના પ્રમુખ શ્રીમતી ડૉ.શિતલકુંવરબા મહારાઉલે ઉપસ્થિત વિદ્યાર્થીઓ સાથે સંવાદ રૂપે વિવિધ ઉદાહરણો દ્વારા ગીતાજીના શ્લોકોનું પઠન કરવાથી જીવન ખૂબ સરળ બનતું હોય અને જીવનની દરેક સમસ્યાઓનો હલ મળતો હોય તેમ કરવા વિદ્યાર્થીઓ પાસે વચન માગ્યું હતું. આજના અવસરે વર્ષ દરમિયાન ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા જિલ્લા સ્તરે વિવિધ શાળાઓમાં અને સમગ્ર જિલ્લામાં શ્રીમદ્ ભગવદ્ ગીતા અને શત સુભાષિત કંઠસ્થ યોજનાના સાતેય સ્તરમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર તમામ પ્રતિભાગીઓનું મંચસ્થ મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. શત સુભાષિત અને ગીતાજી વિષય પરની વિવિધ સ્પર્ધાઓના તમામ પ્રતિભાગીઓને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે પ્રમાણપત્ર અને શિલ્ડ સાથે ગીતાજી આપી સન્માન કરવામાં આવ્યુ હતુ. અંતમાં શાળાના આચાર્ય સુરેશભાઈ પટેલે ઉપસ્થિત મહાનુભાવોનો આભાર વ્યક્ત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષક ગજેન્દ્રભાઈ પંચોલી કર્યું હતુ

# દાદા-દાદી, ફોઈ-કાકી, બે સંતાન બાદ હવે દંપતી, બીજો પુત્ર સંયમના માર્ગે, જામનગરમાં શુક્રવારે દીક્ષાવિધિ

• જામનગર

જામનગરના આંગણે તા.5મીએ લાલબંગલા રોડ ઉપરના સમેત શિખરજીની પ્રતિકૃતિ સમાન જૈન દેરાસરના આંગણામાં પોપટલાલ ધારશીભાઈ બોડગ સંકુલમાં શિહોરવાળા શાહ પરિવારનું દંપતી અને તેમનો 10 વર્ષનો પુત્ર એક સાથે સંસાર ત્યાગ કરીને સંયમના માર્ગે પ્રયાણ કરશે. આ પ્રસંગે ભવ્ય શોભાયાત્રા યોજાશે. આ પ્રસંગે આશીર્વચનો આપવા ગુરુ મહારાજોનું જામનગરમાં આગમન થતાં તેઓનું સામૈયું યોજાયું હતું.

જામનગરમાં દિગ્વિજય પ્લોટ શેરી નંબર-49માં વસતા શિહોરવાળા શાહ જયંતિલાલ મોહનલાલ પરિવારના રોકાણ સલાહકાર નંદીશભાઈ ચંદ્રકાંતભાઈ શાહ (ઉ.વ.50), તેમના પત્ની ધારિણીબેન (ઉ.વ.45) અને 10 વર્ષનો પુત્ર તીર્થ તા.5 ડિસેમ્બર ને શુક્રવારે આચાર્ય પુર્ણચંદ્રસાગરસુરીજી મહારાજ, આચાર્ય અપુર્વચંદ્રસાગર સુરીજી મહારાજ, આચાર્ય આગામચંદ્રસાગર સુરીજી આદિ ગુરુજનોની નિશ્રામાં સંસાર ત્યાગ કરી સંયમના માર્ગે પ્રયાણ કરશે. લાલબંગલા રોડ ઉપરના સમેત શિખરજીની પ્રતિકૃતિ સમાન જૈન દેરાસરના આંગણામાં પોપટલાલ ધારશીભાઈ બોડગ સંકુલમાં દીક્ષા વિધિ યોજાશે.

હાલ જેઓ દીક્ષા લઈ રહ્યા છે તે નંદીશભાઈના સંસાર પક્ષે દાદા, દાદી, ફઈબા અને કાકી વર્ષો પહેલા સંયમના માર્ગે પ્રયાણ કરી ચુક્યા છે તથા દંપતીની પુત્રી અને એક પુત્ર પણ સંસાર છોડી સંયમના માર્ગે નીકળી ચુક્યા છે.

હવે નંદીશભાઈ અને તેના પત્ની અને પુત્રની દીક્ષા ગ્રહણના સાક્ષી બનવા આજે જામનગરમાં તેઓના એક સમયના સંસારી સગાઓ એવા મુનિ ગુણશેખર વિજયજી મહારાજ (ભત્રીજા), મુનિ અમમચંદ્રસાગરજી (ભત્રીજા), મુનિ અક્ષતચંદ્રસાગરજી (પુત્ર-2022માં દીક્ષા લેનાર સંસારી ચૈત્ય નામ હતું તે), મુનિ આર્જવચંદ્રસાગરજી (મોટાભાઈ), સાધ્વી વતનંદિતાશ્રીજી મહારાજ (બહેન), જિનાંગવતાશ્રીજી(માતા),સાધ્વીહેમપપિયાશ્રીજી (ભત્રીજી),સાધ્વી વિશ્વવતાશ્રીજી (પુત્રી-2022માં દીક્ષા લેનાર સંસારી નામ વીરાલી હતું તે) તેમજ હેમધિપિયાશ્રીજી (ભાભી)નું જામનગરમાં આગમન થયું છે. આ પૂર્ણ પરિવારજનો પોતાના આત્મિયોના સંસાર ત્યાગના સાક્ષી બનશે. જૈન સમાજમાં આવી ઘટના ભાગ્યે જ જોવા મળે છે.

દીક્ષા વિધી પૂર્વે તા.2ના શાંતિસ્નાત્ર પુજન મોટા શાંતિનાથ દેરાસર ખાતે તથા રાત્રે ભક્તિ સંગીત. તા. 3ના બપોરે 2:30 વાગ્યે કપડા રંગોત્સવ તથા રાત્રે 8:30 વાગ્યે ઘરેથી વિદાય. તા. 4ના સવારે 8:30 વાગ્યાથી વષીદાનની શોભાયાત્રા ચાંદી બજારથી શરૂ થશે. તા. 5ના સવારથી દીક્ષા(પ્રવજ્યા) વિધી શેઠ પોપટ ધારશી બોડગ ખાતે યોજાશે.

# છોટાઉદેપુર જિલ્લા કક્ષાનો ઔધોગિક રોજગાર ભરતી

• બોડેલી

બોડેલી ખાતે યોજસે રોજગાર ભરતી મેળામાં ૧૮ થી ૩૫ વર્ષના ઉમેદવારો ભાગ લઈ શકશે. જિલ્લા રોજગાર કચેરી છોટાઉદેપુર દ્વારા આગામી તા.૦૫/૧૨/૨૦૨૫ના રોજ શેઠ ટી.સી કાપડિયા કોલેજ, બોડેલી ખાતે ઔધોગિક રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં રોજગારવાંચ્છુ ઉમેદવારોને વિવિધ રોજગારીની તકો મળશે. ભરતીમેળામાં બોડેલી, છોટાઉદેપુર, વડોદરા,કરજણ,ભરુચ,ગોધરા,હલોલ,અમદાવાદના નોકરીદાતાઓ પાસેથી મેળવેલ વેકેન્સી અનુસાર ભરતી કરવાની પ્રક્રિયા હાથ ધરી શકાય છે. રોજગારવાંચ્છુ યુવાનોને રોજગાર મળી રહે તે માટે તથા નોકરીદાતાઓને રોજગાર કચેરીઓ દ્વારા સતત કુશળ માનવબળ પ્રાપ્ત થઈ શકે તે હેતુસર ઔધોગિક રોજગાર ભરતી મેળાનુ આયોજન કરવામાં આવે છે. જેમાં ધોરણ-૮ પાસ,ધોરણ-૯ પાસ, ધોરણ-૧૦પાસ, ધોરણ-૧૨ પાસ થી ગ્રેજ્યુએટ, પોસ્ટ ગ્રેજ્યુએટ કક્ષાના ઉમેદવારો તેમજ આઈ.ટી.આઈ(તમામ ટ્રેડ) અને ડીપ્લોમાં એન્જીન્યરીંગ(તમામ ટ્રેડ),બી.ઈ(તમામ ટ્રેડ) પાસ કરેલ ઉમેદવારો પણ ભાગ લઈ શકશે. જેમાં ૧૮ થી ૩૫ વર્ષના ઉમેદવારો ભાગ લઈ શકશે. રસ ધરાવતા ઉમેદવારોને ૫ બાયોડેટા સાથે ભરતી મેળામાં સ્વ- ખર્ચે હાજર રહેવા રોજગાર અધિકારી છોટાઉદેપુરની યાદીમાં જણાવ્યું હતું.

**અમદાવાદના શાહીબાગ પોલીસ સ્ટેશનના વિસ્તારનો વધુ એક ઘટસ્ફોટ**

# શાહીબાગ પોલીસ સ્ટેશનના વિસ્તારનો વધુ એક ઘટસ્ફોટ

**મસાજના નામે ચાલતી સ્પાની દુકાનોમાં બહારથી બોલાવાય છે વિદેશી યુવતીઓ : વિદેશી યુવતીઓ સાથે કરવામાં આવે છે બિભસ્ત કામો**

• અમદાવાદ

અમદાવાદ શહેરના શાહીબાગ પોલીસ સ્ટેશનની હદમાં જાહેરમાં દારૂ-જુગાર, MD ડ્રગ્સ, અને સ્પાના ધંધા ધમધોકાળ ચાલતા હોવાની માહિતી સામે આવી હતી. જે બાદ સમગ્ર માહિતી એકત્ર કરી અમારા પાક્કો ગુજરાત દૈનિક સમાચાર દ્વારા બુટલેગરોના નામ વિગતો અને સરનામાં સાથે અહેવાલ રજુ કરવામાં આવ્યો હતો. ત્યારે અમારા આ અહેવાલ બાદ પણ સમગ્ર શાહીબાગ વિસ્તારમાં આજે પણ દારૂ-જુગાર, MD ડ્રગ્સ, અને સ્પાના ધંધા ધમધમી રહ્યા છે. ત્યારે શાહીબાગ વિસ્તારમાં મસાજને નામે ચાલતા સ્પા પાર્લરોને લઈ એક નવો ઘટસ્ફોટ સામે આવ્યો છે.

જેમાં મળી આવતી જાણકારી અનુસાર સ્પાની દુકાનોમાં બહારથી વિદેશી યુવતીઓ બોલાવાવમાં આવી રહી છે અને તેઓની પાસે બિભસ્ત કામ કરાવવાં આવી રહ્યા છે. તો વિસ્તારમાં MD ડ્રગ્સ અને દેશી ઇંગ્લીશના દારૂના ધંધા સાથે સ્પા પાર્લરોનો પણ રાફડો ફાટ્યો છે.એક બાજુ કોંગ્રેસ પાર્ટી દ્વારા સમગ્ર રાજ્યમાં દારૂ જુગારના ગેરકાયદેસર ચાલતા ધંધા બંધ કરાવવા જન આક્રોશ યાત્રા યોજવામાં આવી રહી છે. બનાસકાંઠા જીલ્લાના વડગામ તાલુકાના કોંગ્રેસ ધારાસભ્ય જીગ્નેશ મેવાણી જે સમગ્ર રાજ્યમાં ચાલી રહેલ દારૂના ધંધા બંધ કરાવવા મથી રહ્યા છે. ત્યારે અમદાવાદ શાહીબાગ પોલીસ સ્ટેશનની હદમાં પોલીસ સ્ટેશનના PI સિંઘવ પોતાના માનીતા વહીવટદારો સાથે બેખોફ વિસ્તારમાં બુટલગેરોને દારૂ-જુગાર, MD ડ્રગ્સ અને મસાજને નામે સ્પાની દુકાનમાં ચાલી રહેલ બિભસ્ત કામોને બઢાવો આપી રહ્યા છે. સાથે સાથે આજની પેઢીના યુવાઓને દારૂ ડ્રગ્સ ના રવાડે ચઢાવી તેમનું જીવન બરબાદ કરી રહ્યા છે .PI સિંઘવના લોકલાડીલા મેન વહીવટદાર હર્ષદભાઈ અને પેટા વહીવટદાર પ્રદીપસિંહ આ તમામ ગેરકાયદેસર ચાલતા ધંધાઓ પરથી લાખોના હપ્તા ઉઘરાવી PI સાહેબ અને ઉચ્ચ અધિકારીઓને પહોંચાડી રહ્યા છે. ત્યારે આ બને વહીવટદારો જો કોઈ હપ્તા ના આપે તો તેમનો ધંધો બંધ કરાવવાની અને તેઓને જેલમાં નાખી દેવાની ધમકી આપી લાખો રૂપિયા ઉઘરાવી રહ્યા છે. અમારા પાક્કો ગુજરાત દૈનિક સમાચાર ના અહેવાલ બાદ પણ ના શાહીબાગ પોલીસ સ્ટેશનના PI સિઘવની આંખ ખુલી રહી છે કે ના તેમાં માનીતા વહીવટદારોની... યુવાધન બરબાદ થાય તો ભલે થાય પણ PI અને તેમના વહીવટદારોને માત્ર ને માત્ર પૈસા કમાવવામાં જ રસ જોવા મળી રહ્યો છે. અમારા આ અહેવાલની રજુઆત PCB અને DCB સ્કોડમાં કરવામાં આવતા તેઓ દ્વારા પણ જગ્યા પર પહોંચી રેડ નીલ બતાવવામાં આવી રહી છે. સૂત્રો દ્વારા મળી આવતી માહિતી મુજબ PCB અને DCBની ટીમ રેડ કરતા પહેલા શાહીબાગના વહીવટદારોને જાણ કરી દેવામાં આવે છે.

જેથી રેડ દરમિયાન ધંધા બંધ રાખી તેઓ દ્વારા રેડ નીલ બતાવી ચાલ્યા ગયાના થોડાક સમય બાદ ફરી ધંધા ધમધમી ઉઠતા હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. ત્યારે હવે શાહીબાગ પોલીસ સ્ટેશનના PI સિંઘવ અને તેમના વહીવટદારો પર ચોક્કસપણે કોઈ રાજકીય નેતાનો હાથ હોવાનું લાગી રહ્યું છે! અમારા પાક્કો ગુજરાત દૈનિક સમાચારના અહેવાલ બાદ પણ પોલીસ તંત્રની આંખ ખુલી નથી રહી.. ત્યારે આગામી દિવસોમાં લઠ્ઠાકાંડ સર્જાય તેમ દેખાય રહ્યું છે ! તો હત્યા જેવા બનવો પણ વધારો થાય સર્જાય તેવી ભીતિ સેવાઈ રહી છે! સ્થાનિકો દ્વારા જણાવવામાં આવતા વિસ્તારમાં બુટલેગરોના ત્રાસ ને લઈ બહેન-દીકરીઓનું પણ આવવું જવું મુશ્કેલ બની ગયું છે. જેને લઈ હવે સ્થાનિકો દ્વારા જો આ ગેરકાયદેસરના ધંધા બંધ કરાવવામાં નહિ આવે તો ગાંધીનગર જઈ ધરણા પર બેસવાની તૈયારી દર્શાવી રહ્યા છે. તેઓ દ્વારા કા તો ધંધા બંધ કરાવવા આંદોલન કરવા અથવા તો બુટલેગરોના ત્રાસથી આપઘાત કરવા સિવાય છૂટકો ન હોવાનું જણાવી રહ્યા છે. ત્યારે આટલું બધું થતું હોવા છતાં ઉચ્ચ અધિકારો શું કરી રહ્યા છે તેવા સવાલો ઉઠવા પામ્યા છે. શું આ સમગ્ર ગેરકાયદેસર ધંધાની જાણ ઉચ્ચ અધિકારીઓને નહિ હોય ? કે પછી તેઓ દ્વારા પણ આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે. ત્યારે હવે જોવું રહ્યું કે શાહીબાગ વિસ્તારમાં ચાલતા ગેરકાયદેસર ધંધા બંધ કરવામાં આવે છે કે પછી લોકોના જીવન સાથે ખિલવાડ ચાલવા દેવામાં આવશે ?આવા અનેક સમાચાર વાંચો પાક્કો ગુજરાત દૈનિક સમાચારમાં

**MD ડ્રગ્સ, દેશી-ઈંગ્લીશ દારૂના ધંધાઓનો સાથે સ્પા પાર્લરોનો પણ વિસ્તારમાં રાફડો**

**શાહીબાગ પો.સ્ટેશનના PI ની રહેમનજર હેઠળ ફૂલી ફળી રહ્યા છે ગેરકાયદેસરના ધંધાઓ**

**PI સિંઘવ અને તેમના માનીતા વહીવટદારો ધંધા ચલાવવા લે છે લાખોના હપ્તાઓ**

**મેન વહીવટદાર હર્ષદભાઈ અને પેટા વહીવટદાર પ્રદીપસિંહ ઉઘરાવે છે હપ્તાઓ**

**વિસ્તારના યુવાધનને ખરાબ રસ્તે લગાડી કરી રહ્યા છે ટીમનું જીવન બરબાદ**

**21.68 લાખથી વધુ મતદારો કાયમી સ્થળાંતરિત થઇ ચૂક્યા હોવાનું સામે આવ્યું છે**

# ગુજરાતમાં 'SIR' ની 90% કામગીરી પૂર્ણ, 40 લાખ મતદારોના નામ કપાશે

**2.68 લાખ રિપીટેડ!** 21.86 લાખ કાયમી સ્થળાંતરિત, 15.58 લાખના મૃત્યુ જ્યારે 2.68 લાખ મતદારો રિપિટેડ હોવાનું સામે આવ્યું

• ગાંધીનગર

ગુજરાતમાં મતદાર યાદી સુધારણા (SIR)ની ડિજિટાઈઝેશનની 90 ટકા કામગીરી પૂરી થઈ છે. નવી મતદાર યાદી જારી થશે ત્યારે ગુજરાતમાંથી 40 લાખ જેટલા મતદારોના નામ કપાઈ જાય તેવું ચિત્ર સામે આવી રહ્યું છે. હાલની સ્થિતિ પ્રમાણે 15.58 લાખથી વધુ મૃત્યુ પામેલા મતદારો, 21.86 લાખથી વધુ કાયમી સ્થળાંતરિત જ્યારે 2.68 લાખથી વધુ મતદારો રિપિટેડ એમ કુલ 40.12 લાખ મતદારોના નામ કમી થશે. 21.86 લાખ કાયમી સ્થળાંતરિત, 15.58 લાખના મૃત્યુ જ્યારે 2.68 લાખ મતદારો રિપિટેડ હોવાનું સામે આવ્યુંરાજ્યના 33 જિલ્લાઓ પૈકી મોટાભાગના જિલ્લાઓમાં 100% ફોર્મ વિતરણ સંપન્ન થયું છે. જ્યારે અમુક જિલ્લાઓમાં 100% વિતરણનું લક્ષ્ય હાંસલ થવામાં છે. આ ફોર્મ પૈકી પરત મળેલા ફોર્મને ડિજીટાઈઝેશનની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. જે પૈકી બે વિધાનસભા મતવિસ્તારમાં ડિજીટાઈઝેશનની કામગીરી 100% પુરી થઈ ચુકી છે. જેમાં બનાસકાંઠાની ધાનેરા બેઠક અને દાહોદની લીમખેડા બેઠકનો સમાવેશ થાય છે. 2025ની મતદાર યાદીમાં નોંધાયેલા 5 કરોડથી વધુ મતદારોને ગણતરી ફોર્મનું વિતરણ કરી દેવામાં આવ્યું છે. ગણતરી દરમિયાન 15.58 લાખથી વધુ અવસાન પામેલા મતદારો મતદારયાદીમાં સામેલ હતા. આ ઉપરાંત ચાર લાખથી વધુ મતદારો તેમના સરનામે ગેરહાજર હતા. 21.68 લાખથી વધુ મતદારો કાયમી સ્થળાંતરિત થઈ ચૂક્યા હોવાનું સામે આવ્યું છે.




# ભરૂચ: ડ્રગ્સની ઝૂઠી વાર્તા ગૂંથનાર AAPનું ઘર જ દારૂ કાંડમાં ગરકાવ!

**ચૈત્ર વસાવાના આક્ષેપો પાયા વિહોણા; પહેલા પોતાનું ઘર સંભાળે AAP!**

• સૈફ અલી ભટ્ટી વાગરા

ડ્રગ્સ અને દારૂ મુદ્દે સરકાર અને પોલીસ પર સતત આક્ષેપોની હારમાળા ગુંથતી આમ આદમી પાર્ટી (AAP) આજે પોતાના જ આગેવાનોના કાંડોમાં ફસાઈ ગઈ છે. પાનોલીની ઈન્ફિનિટી રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ કંપનીને લઈ ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈત્ર વસાવાએ કરેલા આક્ષેપો કંપનીના નવા ડિરેક્ટરો દ્વારા પાયા વિહોણા ગણાવવામાં આવ્યા છે. કંપનીના ડિરેક્ટર અવિનાશ પટેલે જણાવ્યું કે, આ કંપની બેન્ક ઓફ કર્ણાટક પાસેથી અમે કાયદેસર હરાજીમાં ખરીદી છે.

જૂના ડ્રગ્સ કેસ સાથે અમારો કોઈ સંબંધ નથી. જ્યારે અન્ય ડિરેક્ટર હસમુખભાઈ ચૈત્ર વસાવા અને AAP પર આરોપ મૂક્યો કે, સરકાર વિરુદ્ધ લડવા મુદ્દા ન હોવાથી ફેબ્રિકેટેડ ન્યૂઝ બનાવી પોલીસ અને સરકારને બદનામ કરવાની કોશિશ કરે છે. AAPનું નૈતિક પાઠફેલ: પોતાના જ આગેવાનો દારૂ કાંડમાં ઝડપાયા એક તરફ AAP જાહેરમાં નૈતિકતા અને સિસ્ટમ સામે લડતની વાત કરે છે, પરંતુ બીજી તરફ તેમના પોતાના જ હોદ્દેદારો દારૂના કૌભાંડમાં ઝડપાઈ રહ્યા છે. AAP જિલ્લા પ્રમુખ (નર્મદા) નિરંજન વસાવાના ભાઈ દારૂ વેચતાં રંગેહાથ ઝડપાયા. ઝઘડિયા તાલુકામાં AAPના એક આગેવાનના ઘરમાંથી 109 દારૂની બોટલો મળી આવી. AAP દ્વારા સરકાર પર કરવામાં આવતા આક્ષેપો વચ્ચે આ ઘટનાઓએ પાર્ટીના નૈતિક હકને સવાલોમાં મૂકી દીધું છે. સરકારની Zero Tolerance નીતિ સામે AAPની ખોટી વાર્તાઓ પોલીસે ઓગસ્ટ 2022 માં પાનોલીની ઈન્ફિનિટી કંપનીમાંથી 1383 કરોડનું MD ડ્રગ્સ ઝડપી પાડ્યું હતું. મોટા કૌભાંડ પછી કંપની બેંકના કબજામાં ગઈ અને બેંક ઓફ કર્ણાટક દ્વારા 25 એપ્રિલ 2025ના રોજ હરાજી યોજાઈ. અવિનાશ પટેલ, ઉમંગ પટેલ, ભરત મિસ્ત્રી અને પ્રિયંકા ચૌધરી 13.48 કરોડમાં કંપની ખરીદી અને હાલ અહીં જેન્ટિકા ફાર્મા નામે નવી, કાયદેસર જીવનરક્ષક દવાનો ઉત્પાદન શરૂ કર્યું છે.નવા ડિરેક્ટરોનો આરોપ છે કે, ચૈતર વસાવાએ અધૂરી માહિતી આધારે કંપની ફરી ધમધમતી થઈ, વાળો ખોટો દાવો કરીને ઉદ્યોગકારોની સાખ અને વ્યવસાય પર પ્રત્યક્ષ અસર પહોંચાડવાનો પ્રયાસ કર્યો છે. ચૈત્ર વસાવાના દાવા બૂમરેંગ બનવાના સંજોગો ચૈત્ર વસાવા સરકાર પર નશાબંધી અમલીકરણમાં ઢીલાશ અને હપ્તાખોરીના આક્ષેપો કરે છે, પણ તેમના પોતાના જ નિકટના સાથીઓ ઉમલ્લા અને નર્મદા જિલ્લામાં દારૂ કેસોમાં ઝડપાયા છે. આથી સરકારને ઘેરવાની તેમની રાજકીય કોશિશ હવે તેમના માટે જ બૂમરેંગ સાબિત થવાની સંભાવના જાડી રહી છે. અવિનાશ પટેલ, ઉદ્યોગકાર અમારી કંપની સંપૂર્ણ કાયદેસર રીતે કાર્યરત છે. અમારો જૂના ડ્રગ્સ કેસ સાથે કોઈ સંબંધ નથી. ધારાસભ્ય દ્વારા અધૂરી અને ખોટી માહિતી સાથે કરવામાં આવેલા નિવેદનો અમારી પ્રતિષ્ઠા અને બિઝનેસને નુકસાન પહોંચાડે એવા છે.

# વિશ્વ એઇડ્સ દિન ની ઉજવણીના ભાગરૂપે જિલ્લા ક્ષય કેન્દ્ર છોટાઉદેપુર દ્વારા રેલી યોજાઇ

• છોટાઉદેપુર

આજે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. પાઉલ વસાવા ની સૂચના અને માર્ગદર્શન હેઠળ પહેલી ડિસેમ્બર વિશ્વ એઈડ્સ દિન નિમિત્તે સમુદાય માં એચઆઈવી એઈડ્સ વિશે જાગૃતતા આવે તે હેતુસર નેશનલ એઈડ્સ કંટ્રોલ પ્રોગ્રામ તથા જિલ્લા ક્ષય કેન્દ્ર છોટાઉદેપુર ના સંયુક્ત ઉપક્રમે જિલ્લા ક્ષય અધિકારી ડો બી.એમ ચૌહાણ દ્વારા જાગૃતતા રેલી નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં આરસીએચઓ ડો મુકેશ પટેલ જિલ્લા ક્ષય કેન્દ્ર છોટાઉદેપુર ના મેડિકલ ઓફિસર ડો કુલદીપ શર્મા તથા જિલ્લા ટીબી એચઆઈવી કો-ઓર્ડીનેટર વાલસિંગભાઈ રાઠવા, એઆરટી સેન્ટર નાં મેડિકલ ઓફિસર ડો વિના રાઠવા તેમજ નર્સિંગ કોલેજના પ્રિન્સીપાલ ભાવનાબેન જોશી, શહેરી આરોગ્ય કેન્દ્ર ના આરોગ્ય સુપરવાઈઝર રાજુભાઈ રાઠવા જિલ્લા નાં આઈસીટીસી કાઉન્સિલરો સંજયભાઈ રાઠવા, પ્રવિણભાઈ પટેલ, અતુલભાઈ કોલચા, આકાશ વાળંદ તથા ઉત્થાન લોક વિજ્ઞાન કેન્દ્ર છોટાઉદેપુર ના સોનલબેન રાઠવા વિકલ્પ સ્ત્રી સંગઠન ના ઈશ્વરભાઈ રાઠવા,મોડ એનજીઓ ના રમણભાઈ રાઠવા, વિહાન એની+ ના વેચાતભાઈ રાઠવા સહિત કર્મચારીઓ, નર્સિંગ કોલેજની વિધાર્થિનીઓ, તથા આરોગ્ય નાં કર્મચારીઓ અને આશા બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

રેલી બજારના મુખ્ય માર્ગો પર ફરી જિલ્લા ક્ષય કેન્દ્ર છોટાઉદેપુર ખાતે પરત ફરી સભામાં ફેરવાઈ હતી જ્યાં જિલ્લા ક્ષય કેન્દ્ર ના મેડિકલ ઓફિસર ડો કુલદીપ શર્મા તથા જિલ્લા ટીબી એચ આઈ વી કો-ઓર્ડિનેટર વાલસિંગભાઈ રાઠવા તે દ્વારા કાર્યક્રમ ને અનુરૂપ વાત કરી હતી ખાસ કરીને એચ આઈ વી એઈડ્સ ના લક્ષણો તેના અટકાયતી પગલાં તથા સારવાર તેમજ એચઆઈવી પોઝિટિવ દર્દીઓ સાથે સહાનુભૂતિ રાખવી તેમજ દર્દીઓ ને લેવાની થતી એઆરટી અને સીપીટી દવાઓ નિયમિત લેવડાવવા સહિત ની વિસ્તૃત જાણકારી આપી હતી જ્યારે કાઉન્સિલર અનિલ સુતરીયા એ એચઆઈવી પોઝિટિવ દર્દીઓ માટે લેવામાં આવતી કાળજી ઓ વિશે જાણકારી આપી હતી. કાર્યક્રમ ના અંતે સમાજ માં એચઆઈવી નું સંક્રમણ ઘટાડવા, એચઆઈવી એઈડ્સ વિશે જાગૃતતા ફેલાવવા તથા સંક્રમણ ગ્રસ્ત લોકો ની સેવાઓ માટે સહભાગીદારી અને સ્વસ્થ સામાજ માટે સમુદાય માં લોકજાગૃતિ લાવવા જણાવ્યું હતું. ખાસ કરીને એચ આઈ વી એઈડ્સ ના લક્ષણો તેના અટકાયતી પગલાં તથા સારવાર તેમજ એચઆઈવી પોઝિટિવ દર્દીઓ સાથે સહાનુભૂતિ રાખવી તેમજ દર્દીઓ ને લેવાની થતી એઆરટી અને સીપીટી દવાઓ નિયમિત લેવડાવવા સહિત ની વિસ્તૃત જાણકારી આપી હતી

# કાલોલ તાલુકાના જંત્રાલ ગામે ગટરના પાણી રોડ પર ફરી વળ્યાં, ચોમાસા જેવા દ્રશ્યો સર્જાયા, તંત્ર સામે સ્થાનિકોમાં રોષ

• કાલોલ

વાત કરીએ તો પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના જંત્રાલ ગામે ગામના રસ્તા ઉપર ગટરોના પાણી ફરી વળ્યા રોગચાળો ફેલાય તેવી હાલત જ્યારે ગામની હાલત એટલી બધી ખરાબ થઈ ગઈ છે કે રાહદારીઓને વાહન ચાલકોને અને સ્કૂલે જતા બાળકોને બહુ જ મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે અને ગામના નાગરિકો દ્વારા જાતે જ ગટરના પાણીનો નિકાલ કરતા હોય તેવો સોશિયલ મીડિયામા વિડીયો વાયરલ થયો ગામના નાગરિકો એ અનેક વાર ગામના સરપંચ અને તલાટીને વારંવાર રજૂઆત કરવા છતાં કોઈ કામ કરવામાં આવતું નથી વધુમાં ગામના નાગરિકો એ જણાવ્યું હતું કે સરપંચ દ્વારા એવું કહેવામાં આવે છે કે આગળ અમારું કોઈ સાંભળતું નથી અને અમને પૂરી ગ્રાન્ટ નથી આપતા તો અમે કામ કેવી રીતે કરીએ ગટરના પાણી ભરાવાની સમસ્યાને લઈને સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

સ્થાનિકોનું કહેવું છે કે, 'ઘણા મહિનાથી ગટર ઊભરાવાની સમસ્યાને લઈને તંત્રમાં અનેક રજૂઆત કર્યા છતા કોઈ કામગીરી કરવામાં આવતી નથી. નજીકમાં શાળા આવેલી છે તો વિદ્યાર્થીઓને ગટરના ગંદા પાણીમાંથી પસાર થવુ પડે છે. અમારી એટલે માગ છે કે, ગટરની સમસ્યાનો કાયમીધોરણે નીકાલ લાવામાં આવે'



**આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070**

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI